મોતનો ભેદ.

તુરતના ગુજરેલાંઓની હાલત,
તેઓ પાછળ થવી જોઈતી ક્રિયાઓ,
જીવતાંઓની તેઓ તરફની ફરજ.

[સુધારા વધારા સાથની બીજી આવૃત્તિ.]

[૩૦૦૦ નકલ]

મોતનો ભેદ.

તુરતના ગુજરેલાંઓની હાલત,
તેઓ પાછળ થવી જોઇતી ક્રિયાઓ,
જીવતાંઓની. તેઓ તરફની ફરજ.

[સુધારા વધારા સાથની બીજી આવૃત્તિ.]

[૩૦૦૦ નકલ.]

પ્રસ્તાવના.

ઇધ ઇરિસ્તનાંમ ઉર્વાંનો યજમઇદે યાઓ અષઓનાંમ ફ્રવષયો.

"ગુજરી ગએલાંઓનાં રવાનો જે અશો (લોકો)નાં ફ્રેરોહરવાળાં છે (તેઓને) આંએ ઠેકાણે હમો માન સાથે યાદ કરીએ છિયે."

[**ઇજશ્ને** હા ૨૬ મો ફ. ૭ કાંગા.]

હરએક માણુસને સગાં યા સ્નેહીના મરણનું દુઃખ ભોગવવું પડે છે. એક ચંચલ વહાલા બેટાના ગુજર પામવા પછી અતી ગમગીનીના વખતમાં જે રાહત તથા શાંતી મને, મારાં ધનીયાણીને તથા હમારા આખા કુટુંબને ખુદાશનાસીના થોડા ઘણા કાયદા જાણવાથી મલી હતી તે રાહત તથા શાંતી મારા બીજા હમદીન જરથોસ્તી ભાઇઓ તથા બેહેનોને દુઃખના વખતમાં મલે, એવી મકસદથી આએ ચોપાન્યું છપાવીને જરથોસ્તીઓમાં વેહેંચવાનું મેં દરૂસ્ત વિચાર્યું છે.

માણુસ જાતની વૃદ્ધિને કાજે જેટલું જનમવું અવસ્યનું છે તેટલુંજ ગુજર પામવું પણ અગત્યનું છે: આએ ખાકી દુન્યામાં જનમ મરણનું ચક્ર ચાલું છે: અને કરણીનો કાયદો કામ કરે છે, એ ધ્યાનમાં રાખી આએ ચોપાન્યું વાંચ્યાથી જો એક હજારમાંથી એકનેબી થોડી ઘણી રાહત મળશે તો હું મારી અદના સેવા બર આવેલી સમજીશ.

એક જરથોસ્તી.

પ્રસ્તાવના બીજી આવૃતીની.

આએ અદના લખાણની ખુબી તથા કદર હમદીન ભાઇઓ તથા બેહનોમાં પુરતી રીતે જણાએલી દીસે છે, સબબકે થોડી મુદતના અરસામાં પેહલી આવૃતી ખપી ગઇ અને બીજી આવૃતીની ૩૦૦૦ નકલો કાઢવી પડી છે. જે કમતરીન જરથોસ્તીએ આએ ચોપાન્યું બીજા ભાઇઓની મદદ વડે બહાર પાડયું હતું તેને થોડીજ ખબર હતી કે આટલા ટુંક વખતમાં તેની અને તેના બોહલાં કુટુંબની વચમાંથી તે કૃપાળુ દાદાર અહુરમજદ બીજાં એક ઘણુંજ અટલગનાં કુટુંબીને પોતા નજદીક બોલાવી આખાં કુટુંબની સહનશીલતા સબુરી તથા ધીરજની અજમાયશ લેશે.

આ કમતરીન જરથોસ્તી અને તેનાં બીજાં અટલગના સગાં કે જેઓ ખુદાશનાસીના થોડા ઘણા ફાયદા જાણવા ભાગ્યશાળી થયાં હતાં તેઓએ પોતાનાં કુટુંબીનાં આ ફાની દુન્યા છોડી જવાના બનાવ વેળા તે દાદારની અજમાયેશ કેવી સહનશક્તિથી ખમી છે તે તેઓના બીજા ખેશાઓ તથા દોસ્તઆસ્નાવો જેવો તેઓના સમાગમમાં આવેલા તેઓએ જોયું હશે. અને અહીં ફરી લખ્યા વિના ચાલતું નથી કે આએ **મોતના ભેદ**ની બીજી આવૃતી છપાવવાનો હેતુ એટલોજ છે કે જે રાહત તથા શાંતી તે કુટુંબને આએ ન ખમી શકાય એવા દુખમાં ખોદાશનાસીના થોડા ઘણા ફાયદા જાણ્યાથી મલી છે તેવીજ રાહત અને શાંતી આપણા હમદીન જરથોસ્તી ભાઇઓ અને બેહનોને—ખોદા ન કરે ને જયારે દુઃખ આવી પડે ત્યારે—મળે. જેવી રીતે આએ કમતરીન લખનાર તથા તેના નેક ખસલતના ધણીઆણીએ પોતાના ચંચળ વહાલા બેટાના મોતથી દુઃખનો ફટકો સહનશીલતાથી ખમ્યો હતો તેજ અસરાફ, લાયકીવાલાં નીતિવાન, રાંક, તથા નીરદોશ સ્વભાવનાં ધણીઆણી ખોઇ બેસવાથી તે ખમે છે તેવીજ રીતે બીજા હમદીનોબી વખત આવવે ખમે અને પોતાનાં વહાલાં ગુજર પામેલાંઓ તરફ માહેતમ ન ગુજારે એજ તેની અરજ છે,

આ ચોપાન્યું પ્રગટ કરનાર જરથોસ્તીનાં પ્રિય ધણીઆણી જેવણુ રોજ ૧૭ મો સરોશ યઝદ માહ ૩ જો ખોરદાદ અમેશાસ્પંદ સને ૧૨૭૭ તા૦ ૨૯ મી નવેમ્બર ૧૯૦૭ ને દીને ૩૫ વરશની ભર જવાન વયે આ દેહ છોડી બેહસ્તનશીન થયાં છે તેવણુની અશો યાદમાં આએ કમતરીન પાક દાદારની હજુરમાં તેવણુનાં પાક રૂહને શાંતી માંગનો તથા જલદી ગરોથમાન બેહસ્ત

મળો એવી ખરાં અંતઃકરણની દોઆ ગુજારતો આ ચોપાન્યું ફરી છપાવી **અર્પણ કરે છે.**

આયેસે યેશ્તિ વીસ્પયં અષવને ફ્રવષે કે અરિત કચ ચિત અંઘ્હાઓ જેમો પર-ઇરિરિત દહ્મિ નાઇરિકે અપેરે ના યુ કે કઇનિકે વાસ્રચાવ રેજિ ઉપષ એતિ હચ અહ્માત ન્માનાત ઇજ્યેન્તિયાઓ પઇતિશ મરેન્તિ યાઓ અઇવિ—નાસેન્તે વંઘ્હૂશ યસ્નાંસ્ચ વહ્માસ્ચ.

અર્થ:–"સદ્દગુણી બાઇડી (તથા) મેહન્તુ ન્હાની વયની કન્યા કે જે આએ જમીનના કોઇબી ભાગમાં ગુજરી ગએલી હોએ (અથવા) રહેતી (હોએ), (અથવા) આએ ઘેરથી (પોતાની) મુરાદ ચાહતી (હોએ), તથા જે (બાઇડી તથા કન્યા) (દાદાર હોરમજદની તથા મીનો ઇજદોની) ભલી ઇજશ્ને તથા આરાધણા (કરવાને) યાદ કરે (તથા) (તે) અમલમાં લાવે (એવી બાઇડી તથા કન્યાના) હરેક અશો ફરોહરને ઇજશ્નેમાં હું યાદ કરું છું"

[ઇજશ્ને, હા ૨૩ ફ. ૩]

એક જરથોસ્તી.

એપ્રીલ ૧૯૦૮.

આદ્દફ્યુનાંમચ અષઓનાંમ ફ્રવષયો યજમઈદે, ઉઝ્દફ્યુનાંમચ અષઓનાંમ ફ્રવષયો યજમઈદે. નરાંમચ અષઓનાંમ ફ્રવષયો યજમઈદે નાઇરિનાંમચ અષઓનિ નાંમ ફ્રવષયો યજમઈદે વીસ્પાઓ અષાઉનાંમ વંઘ્ઉહીશ્ સુરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો યજમઈદે, યાઓ હચ ગયાત્ મરેથનત્ આ સઓષ્યન્તાત વેરેથ્રદનત્.

અર્થઃ–આ દેશમાં વસનારાઓમાંના અશો (લોકો)નાં ફરોહરોને હમો માન સાથે યાદ કરીએ છીએ. દેશની બહારના (ઇઆને બીજા મુલકોમાં) વસનારાઓમાંના અશો (માણસો)નાં ફરોહરોને હમો માન સાથે યાદ કરીએ છીએ. અશો નરોનાં ફરોહરોને હમો માન સાથે યાદ કરીએ છીએ. અશો નારીઓનાં ફરોહરોને હમો માન સાથે યાદ કરીએ છીએ. અશો (લોકો)ના તમામ ભલાં, શુરાં, (તથા) (દુન્યાંની) આબાદી કરનારાં ફરોહરો જે ગયો મરદથી (તે) ફતેહમંદ સોશ્યોસ સુધીનાં (છે) (તે બધાંઓને) હમો માન સાથે યાદ કરીએ છીએ.

(યજશ્ને હા ૨૬ ફ ૯–૧૧)

હુમત હુખ્ત હ્વરશ્ત, હુ મનશ્ની, હુ ગવશ્ની, હુ કુનશ્ની, ઇન ક્નુમન અર્દાફ્રવશ બેરસાદ, નીરંગ પીરોજગરબાદ, . . . રવાન ઓરેહ ખોજસ્તે અવજૂન બાદ, . . . કેરા દિગર સ્યજદ હજાર મર્દ-સ્યજદ સાએમ સાખ્તમ એ મારા કમ–રંજતર આસાનતર અઇની કર્દ યક અજ મા હજાર પદીરફ્તાર બાદ નામ ચેશ્તી અનુશેહ રવાંન રવાની. [જેની બંદગી કરે તેનું નામ] **એદર યાદ બાદ અનુશેહ રવાંન રવાંની.**

"મારી નેક મનશ્ની, નેક ગવશ્ની તથા નેક કુનશ્નીથી ફાયેલી આએ ખ્શનુમન અશો ફરોહરોને પોહચો! આ ક્રિયાનું કાંમ ફતેહમંદ થાઓ! . . . તેઓનાં રવાન ખુશાલ થાઓ . . . . હમુને સુખ તથા જીવની શાન્તિ હાંસેલ થાઓ! [ફલાનાનું] બેહસ્તી રવાન આએ જગાએ યાદ હોજો! . . ."

[**ખોરદેહ અવસ્તા બા માંએની** એરવદ કા. એ. કાંગાનો તરજુમો]

ફ્નુતો અષઓનામ ઉર્વાનો પારયંતી અવી અહુરહે મજદાઓ અવી અમેશનામ સ્પેન્તનામ અવી ગાત્વો જરન્યો કેરેતો અવ ગરો–માનેમ મએથનેમ અહુરહે મજદાઓ મએથનેમ અમેશનામ સ્પેન્તનામ મએથનેમ અન્યેશામ અષઓનામ!

"અશોનાં રવાનો અહુરમજ્દની નજદીક, અમશાસ્પંદોની નજદીક, સોનાનાં બનાવેલાં તખ્તની નજદીક, ગરોથમાન (જે) અહુરમજ્દનું રેહેઠાણ, અમશાસ્પંદોનું રેહેઠાણ તથા બીજા અશો [લોકો]નું રેહેઠાણ [છે] તે તરફ ખુશીથી પસાર થાય છે."

[**વંદીદાદ,** ફરગરદ ૧૯ ફ ૩૨, એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

મોતનો ભેદ.

તુરતનાં ગુજરેલાંઓની હાલત—જીવતાંઓની તેઓ તરફની ફરજ.

વખત પોતાનું કામ ચુપચુપ કર્યો જાય છે. દીવસ પછી રાત, સુખ



પછી દુઃખ, ભરતી પછી ઓટ, જન્મ પછી મરણ, એ પ્રમાણે અનુક્રમે ખુદરતનો તમામ કારોબાર ચાલ્યો જાય છે. હર પલે તથા હર ઘડીએ ખુદરતની તમામ ચીજોમાં હીલચાલ સદા ચાલુજ છે, તથા એક પલનો એક હજારમો ભાગ પણ ફેરફાર વગર પસાર થતો નથી. એ મુજબ ખુદરતનો મહાન નિયમ સંપુર્ણ નિયમીતપણે ચાલતો આવ્યો છે, હાલમાં પણ ચાલે છે, તેમજ હવે પછી પણ ચાલતો રહેશે. તેજ ખુદરતની મહાન ક્રિયાને આધારે દરરોજ હજારો જીવો આ હાડમંદ દુનિયાંમાં જન્મ પામે છે તથા હજારો જીવો આ ખાકી દુનિયાંને તજી મોતને શરણ થાય છે. એ બનાવો આપણી નજર આગલ બનતા આપણે સઘલા જોઇયે છીયે. જન્મ મરણનું ફરતું ચક્કર આ ફરતા આસમાનની ચાલ સાથે અનાદી કાળથી ફરતું આવ્યું છે અને તે ફરતું રહેશેજ. તેમજ વળી ખુદરતના અનેક નિયમોમાંનો આ એક અચુક નિયમ તો દરેક માણસના બાબમાં મોડે વેહેલે અમલમાં આવશે એવું આપણ દરેક જણ અનુભવ ઉપરથી જાણીયે છીયે. દુનિયાંની તમામ અચોક્કસ ચીજોમાં દરએક જણે મરવું છે એજ ફક્ત ચોકસ છે. તેટલા માટે એ બનાવ આપના પોતાનાં ખેશ કુટુંબમાં, યા ભાઇ ભાંડુઓમાં, સગાં વાહાલાં યા દોસ્ત આસનાવોમાં અને તે વખતે, તથા તે પછીના હીંગામ ઉપર, આપણે આપણા ગુજર પામેલાં વહાલાંઓ તરફ કેમ અને કેવી રીતે વર્તવું, તે વિશેનો

થોડો ઘણો ટુંક ખુલાસો અત્રે એવા ઈરાદાથી રજુ કર્યો છે કે તેથી મોત વખતે આવી પડતી મુશ્કેલીઓ, આફત તથા ગમગીનીમાં થોડી ઘણી હિમ્મત, ધીરજ તથા સધીયારો મલે, તથા આપણા વહાલાંઓને ખોહવાથી જે દુઃખ ઉપજે છે તે દુઃખનું નીવારણ થાય, તેઓ તરફ આપણે આપણી ફરજો અદા કરતાં થઈયે, તથા તેઓને મીનોઇ દુનિયાંમાં મદદ કરતાં થઇયે, કે જેથી આંપણી ફરજ બજાવ્યા ઉપરાંત આપણા દુઃખી જીગરને રાહત મલી શંકે તથા આપણી ગમગીની નાબુદ થાય.

આટલું તો બધાને રોશન છે કે આ દુનિયા કાંઇ આપણું વતન નથી, આપણુ અહીં મુસાફર સમાન છૈએ. જેમ "એમીબા" નામનું પ્રાણી ભુખની લાગણીથી જ્યારે ઉસકેરાય છે ત્યારે પોતાના અંગમાનો એક ભાગ બહાર કાઢી, જે ખોરાક હાથ આવે તે લઇને તે અંગને પાછું અંદર ખેંચી લઇ, અંદર લીધેલા ખોરાકને પચાવે છે, તેજ મીસાલ આપણો આત્મા જ્યારે આ દુન્યાના અનુભવનો ભુખ્યો થાય છે ત્યારે પોતાના એક અંશને આ દુન્યામાં મોકલે છે, કે જે ખાકી દુન્યામા તેનેજ અનુકુલ આવતા ખાકી શરીરમાં જાહેર થાય છે, અને પછી જ્યારે અહીં રેહેવાનો વખત પુરો થાય છે ત્યારે જે સોનેરી સાંકલથી આ શરીર સાથે તે સંબંધ રાખે છે તે તુટી જાય છે, અને રૂહ અહીંના વસવાટ દરમીયાનનો અનુભવ પાચન કરવા પોતાની સ્વભુમી યાને બેહેસ્તમાં દાખલ થાય છે, પરંતુ તે આગમચ તેને બીજી દુન્યામાંથી પસાર થવું પડે છે જે આગલ ચાલતાં જોઇશું.

આપણામાં સાધારણ રીતે બોલવામાં આવે છે કે જન્મ, લગ્ન, તથા મરણ એ ત્રણ બનાવો ખુદરતના અચુક નિયમ મુજબ બને છે, અને તેમાં આપણી પોતાની મરજી ઘણીજ થોડી કામે લાગી શકે છે. ખસુસ કરી જન્મ તથા મરણના બાબમાં તે આપણે જોઇયે છીયે.

એ બનાવો ખુદરતના ચોક્સ નિયમને અનુસરીનેજ બને છે તથા તે નિયમોને આધીન થઇ ચાલ્યા વગર આપણો બીજો કાંઇ પણ ચારો નથી. તેટલા માટે આપણે મરણ પછી ખરેખર કયાં જનાર છીયે તથા આપણા રવાનનુ શું થાય છે તે વિશે વિચાર કરતાં પ્રથમ ધર્મ તરફથી આપણને શું જવાબ મલે છે તે તપાસવાની જરૂર છે.

મનુષ્યનું બંધારણ.

ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરતાં આપણને માલમ પડે છે કે આપણા આ ખાકી, નાશવંત શરીર ઉપરાંત આપણી અંદર કાંઇક અવીનાશી,

અમ્મર તત્વ હસ્તી ધરાવે છે, જે તત્વ શરીરના જન્મવાની આગળજ હેયાતી ભોગવતું હતું, અને જે તત્વ શરીરના નાશ પામવા પછી પણ હેયાત રહેશે. આપણ પોતે કાંઇ આ હાડકાં, માંસ તથા લોહી વગેરેનો બનેલો બે પગ ઉપર ઉભેલો આકાર જેને આપણે ખાકી શરીર કહીયે છીયે, જે નાશવંત, ક્ષણભંગુર છે, તે નથી, પણ એ ખાકી શરીર, એ હાડમંદ તન, આપણે ચોક્કસ કાર્ય અર્થે પેહેર્યું છે તે કાર્ય પુરૂં થવા સાથ તેનો ઉપ્યોગ પણ પુરો થાય છે અને પછી તેને આપણે કાઢી નાખીશું. આપણે પોતે તો એ શરીરને જીવતું જાગતું રાખનાર, ભાન ધરાવનાર અમ્મર તત્વ, જેને રૂવષિ અથવા ફ્રેોહર* કહે છે તે છૈયે, કે જે પોતે અહુરમજ્દની અંદરથી બીજ રૂપે નીકલ્યું છે, જે પોતે પાછુ સર્વે શક્તિઓ ખીલવીને, અહુરમજ્દના ભલા ગુણો જે હાલ તેમાં (આપણાં ફ્રેોહરમાં) મંદ છે તે સંપુર્ણ રીતે ખીલવીને અહુરમજ્દમાં પુરૂ ભાન સહીત એક થશે, તથા તે કીર્તારને પોહોંચી તેની અંદર આમેજ થશે, જે વિષે પવિત્ર ગાથાવાનીમાં આપણા મહાન પેગમ્બર સાહેબ અશો જરથોસ્તે દુવા ગુજારેલી આપણે જાણીયે છીયે—

તત્ થ્વા પેરેસા એરેશ્-મોઇ વઓચા અહુરા કથા મજ્દા જરેમ ચરાની હચા ક્ષ્મત્ આસ્કેતીમ ક્ષ્માકામ.

"અય મજદ! હું તુંને પુછું છું તે તું મને ખરૂં કહેજે. તારીથી મોહોબતનું આકર્ષણ કેવી રીતે હું ખેંચું? તારી સંપુર્ણતાને કેવી રીતે હું પોહોચું?"

ઉશ્તવદ ગાથા, હા ૪૪, ફ. ૧૭. (કાંગા.)

આપણાં નાશવંત ખાકી શરીર ઉપરાંત આપણામાં કાંઇક અમ્મર તત્વ હસ્તી ધરાવે છે તે વિષે યજશનેના ૫૫ માં હામાંથી આપણને કાંઇક પુરાવો મલે છે:—

(૧) **વીસ્પાઓ ગએથાઓશ્ચ તન્વશ્ચ અજદેબીશ્ચ ઉસ્તાનાંશ્ચ કેહર્પેશ્ચ તવીષિસ્ચ બઓધશ્ચ ઉર્વાનેમ્ચ ફ્રવષીમ્ચ પઇરીચદદેમહી આચવએધમહી આઅત દીશ આવએધમહી ગાથાભ્યો સ્પેન્તાભ્યો રતુક્ષથ્રાભ્યો અષઓનીભ્યો.**

---

* આ લખાણમાં રવાન, બુદ્ધિ અને ફ્રેોહર એ ત્રણેના એકત્ર સ્વરૂપને સાથે લઇ તેને રૂવષિ અથવા ફ્રેોહરને નામે ઓલખ્યું છે.

"આ ખાકી દુનિયાંને લગતું સર્વસ્વ—તન, હાડપીંજર, જીવ, કાલબુદ જોર (કામ), બુદ્ધી, રવાન અને ફ્રેરોહર, એ તમામ જલેહદાર, સાચા (અને) પાક ગાથાને અર્પણ કરીએ છીએ."

યજશ્ને, હા ૫૫, ફ઼. ૧ લો.

૧. તન્વસ ૨. કેહર્પમ ૩. ઉશ્તાન ૪. તેવીષી	ફ્રાની ચોકડી	૫. ઉર્વાન ૬. બઓધાંગ ૭. ફ્રવષિ	અમ્મર ત્રીપુટી

ઉપર જણાવેલાં સાત તત્વોમાંના પેહેલાં ચારને ફ્રાંની ચોકડી તથા છેલ્લાં ત્રણુને અમ્મર ત્રીપુટી કહેવામાં આવે છે, જે અમ્મર ત્રીપુટીને સાધારણુ રીતે ફ્રેરોહર અથવા ફ્રવષિ પણુ કહે છે.

આ ઉપરથી આપણા ખાકી તથા બીજાં તત્વોના બનેલાં શરીરો ઉપરાંત આપણું અમ્મર તત્વ (ફ્રેરોહર) હસ્તી ધરાવે છે, જે અમ્મર હોવાથી નાશ પામતું નથી.

તેમજ વળી ફ્રેરોહર જ્યારે આ જીંદગી અખત્યાર કરે છે, અને આ હાડમંદ દુનિયામાં પેદા થાય છે, ત્યારે દાદાર અહુરમજ્દ તેને કાંઇ હર વખતે નવું પેદા કરતા નથી; પણ તે તો સૃષ્ટિની પેદાયશની આગમજ અહુરમજ્દ તથા અમશાસ્પંદોના ફ્રેરોહરો સાથે હાજર હતું, જે વિષે "ફ્રવર્દીન યસ્ત"ના ૭૬ મા ફકરા ઉપરથી નીચે મુજબ ખુલાસો મલે છે :—

તાઓ જી હેન્તિ યાસ્કેરેસ્તેમાઓ વયાઓ મનિવાઓ દામાન યાઓ અષાઉનાંમ્ વંઘઉહીશ્ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો, યાઓ તઘ એરેધ્વાઓ હિશ્તેન્ત, યત્ મઇન્યૂ દામાંન્ દઇધીતેમ, યસ્ચ સ્પેન્તો મઇન્યુશ યસ્ચ અંધ્રેો.

"એ ત્રીજે દરજ્જેના વીદેહી આત્માઓ (ફ્રવષિઓ)ને અહુરમજ્દે પેદાયશ પેદા કરવા આગમજ પેદા કર્યા છે. જ્યારે બે મીનો જેઓ અંગ્રેમેન્યુ અને સ્પેન્તમેન્યું છે તેઓએ પેદાયશ પેદા કરી ત્યારે ફ્રવષિઓ તૈયાર ઉભેલી હતી."

તેમજ વળી ફ્રેરોહરો માત્ર મનુસ્યનાજ છે એમ પણુ નથી. ખુદ દાદાર અહુરમજ્દનું તેમજ અમશાસ્પંદો તથા યજદોનાં તેમજ તમામ પેદાયશનાં પણુ ફ્રેરોહરો છે, જે વિષે યજશ્નેના હા ૨૩, ફ઼. ૨ માં તેમજ હા ૨૬ ના ફ઼. ૨–૩ માં ઇસારા કર્યા છે.

"(દાદાર) અહુરમજ્દના (તથા) અમશાસ્પંદોના ફ્રેરોહરો ને, (તેની) સાથે મીનો યજદોના તમામ અશો ફ્રેરોહરોને યજશ્નેમાં હું ઇજુ છું (અથવા યાદ કરું છું.)"—(**યજશ્ને,** હા ૨૩, ફ઼. ૨.)

"(દાદાર) અહુરમજદનું આ ફરોહર જે સૌથી ઉંચે દરજ્જેનું, સૌથી સરસ, સૌથી સોહામણું (છે તેને) હમો આરાધીએ છીએ.

"અહુરમજદના કાયદા પ્રમાણે ચાલનારા અમશાસ્પંદો જેઓ અમ્મર તથા અશો (તેઓના) ફરોહરોને (હમો આરાધીએ છીએ).—(**યજશને, હા ૨૬, ફ. ૨–૩.**)

મોત એટલે શું?

આપણા અમ્મર તત્વ ફ્રોહરે આ ખાકી હાડમંદ શરીર સંપૂર્ણતા મેલવવા માટે ધારણ કીધેલું છે, જે વડે ખાકી દુનિયાંનો અનુભવ તે લીએ છે, તથા આ ખાકી દુનિયાંમાં પોતાની વૃદ્ધિને લગતું ચોક્કસ કામ કરી રહ્યા પછી તે શરિર તેને નાલાયક થઇ પડતુ હોવાથી તે તેનો કબજો છોડી દીયે છે, અને પોતાની વૃદ્ધિ આગળ વધારવા કુદરતના ચોક્કસ નિયમો પ્રમાણે બીજી વધુ લાયક હાલતમાં જવા સારૂ તૈયારી કરે છે, તે ક્રિયાને આપણે મોત અથવા મરણ કહીયે છીયે.

મોત ત્યારે કાંઇજ નહી પણ આપણા અમ્મર તત્વ ફ્રોહરે જ્યારે તેને વૃદ્ધિ માટે ખાકી શરીર નાલાયક થઇ પડે છે ત્યારે તેની સાથનો પોતાનો સંબંધ છોડી દેવાની માત્ર ક્રીયા છે.

જેમ એક કારીગર પોતાના તેજ તથા ચલકતાં હથીયાર વડે દાગીના બનાવે છે, પણ જ્યારે તે હથીયાર બુઠ્ઠું થઇ વધુ કામ માટે રદ બાતલ થાય છે ત્યારે તે વડે તે પોતાનું કાર્ય કરી શકતો નથી, તેથી તેને ફેંકી દઈ બીજાં નવાં હથીયાર તેને લેવાં પડે છે, તેજ પ્રમાણે આપણા ફ્રોહરે આ ખાકી શરીર જે હથીયાર તરીકે ધારણ કર્યું છે તે વડે પોતાની વૃદ્ધિને લગતું થોડુક કામ કર્યા પછી તે જ્યારે વખતના વેહેવા સાથે, યા માંદગીથી, યા અનેક કારણોસર તેની વૃદ્ધિ માટે નાલાયક થાય છે, ત્યારે તે તે શરીરનો કબજો છોડી દીયે છે, જે બનવું તદ્દન વાસ્તવીક લાગે છે. આ કબજો છોડવો તે કાંઇજ નહીં પણ જેને આપણે મોત અથવા મરણ કહીયે છીયે તે છે.

લોંગફેલો લખે છે તેમ "સંપૂર્ણ મરણ અથવા હૈયાતીનો સમુલગો અંત જેવું કાંઇ નથી, આપણે જેને મોત કહીએ છીએ તે એક રીતનો ફેરફાર છે. જેમ એક શેહેરની આસપાસ નાનાં પરાંઓ આવ્યાં હોય તેમ આ દુન્યાની પલવારની ટુંક જીંદગી, આપણી હંમેશની જીંદગી સાથે સરખાવતાં, એક પરાં સમાન છે અને આ જીંદગીનો જે અંત આવે છે

જેને આપણાં લોક મોત કહે છે તે હંમેશની જીંદગીમાં દાખલ થવાનો એક દરવાજો છે.” જેમ પાનખર રૂતુમાં ઝાડો તદન સુકાઇ જઇ મરી જતાં હોય તેમ દેખાય છે, અને ઉનાળો આવતાં તેજ ઝાડ બીજા ફણગાઓ કાહડી પાછું પોતાના અસલ લેબાસમાં લીલાં પાદડાંઓથી ભરપુર થાય છે, તેમ મોતથી આપણી હૈયાતી થોડો વખત સુકાતી હોય તેમ થાય છે, પણ તદન નાશ પામતી નથી અને મોતથી ઉપજેલા ફેરફારથી ખરેખર આપણી હૈયાતી પાછી ચાલુ અને ચાલુજ રહે છે.

મોત અને ઉંઘ વચેનો તફાવત.

વળી આપણુને યાદ રાખવું જોઇયે કે જ્યારે ફરોહર ખાકી શરીર સાથનો પોતાનો સંબંધ છોડે છે ત્યારેજ તેને આપણે મોત કહીયે છીયે; પણ આપણી જીંદગી દરમ્યાન દરરોજ રાત્રે જ્યારે આપણે ખુવાબ કરીયે છીયે ત્યારે આપણા દરેકના ફરોહરો આપણાં બીજાં શુક્ષ્મ શરીરો સાથે આ ખાકી શરીરથી છુટાં પડે છે, અને થોડો યા ઘણો વખત તેનો સંબંધ અટકી પડે છે, તથા ઉંઘમાં હંમેશા જ્યારે ખાકી શરીર આશાએશ માટે બીછાને પડેલું હોય છે ત્યારે ફરોહરો ખાકી શરીરમાંથી નીકળી જઇ મીનોઈ દુનિયામાં કાર્ય કરે છે.

આ ઉપરથી ત્યારે આપણુને સવાલ ઉત્પન્ન થાય છે કે જો ઉંઘમાં આપણું ફરોહર આપણાં ખાકી શરીરથી છુટું પડતું હોય તો પછી મોતમાં તથા ઉંઘમાં ફરક શો? “કલેર્વોયન્ટ” યાને જેઓની અતંર્દષ્ટિ ખીલેલી હોય છે, અને અણદીઠ મીનોઇ દુનિયાંની કેટલીક ચીજો જોઇ જાણી શકે છે, તેઓ તરફથી તથા ખુદાશનાશીના કેટલાક આગલ વધેલા શખ્સો તરફથી એનો જવાબ એવો મલે છે કે જ્યારે ફરોહર ઉંઘમાં બીજાં શરીરો સાથે ખાકી શરીરથી જુદું પડે છે ત્યારે પ્રાણ તત્વ અને છાયા શરીર (ઉસ્તાન તથા કહેર્પમ) ખાકી શરીરમાંજ રહે છે અને ખાકી શરીર ઉપર સેહેજ પણ અસર થતાં તુરત ફરોહર પાછું પોતાનાં શરીરનો કબજો લીએ છે, યાને, બીજા બોલોમાં બોલીયે તો, માણસ જાગૃત થાય છે. આપણે જાણીયે છીયે કે ઉંઘમાં આપણા શરીર ઉપર બાહેરથી સેહેજ પણ અસર થાય છે કે આપણે તુરત જાગૃત થઇયે છીયે, પણ મરણ વખતે તો પ્રાણ તત્વ તથા છાયા શરીર ખાકી શરીરથી છુટું પડી ફરોહર સાથ નીકળી જાય છે, જે પછી ફરોહર પોતાના ખાકી શરીરનો કબજો પાછો લઇ શકતું નથી. એ વખતે ગમે તેવી ખાકી શરીર ઉપર

અસર કરવામાં આવે છે, તથા ભાન પાછું લાવવાની કોશેશ કરવામાં આવે છે, તે સઘળી ફોકટ જાય છે.

આ પ્રમાણે ત્યારે મરણ તથા ઉંઘ વચ્ચેનો અગત્યનો તફાવત આપણે તપાસ્યો, હવે આપણે મરણ વખતે શું ફેરફારો થાય છે તે વિગતવાર તપાસીશું.

મરણ વખતે થતો ફેરફાર.

ખુદાશનાશીના આગલ વધેલા અભ્યાસીઓથી વધુ એ જણાવવામાં આવ્યુ છે કે જ્યારે માણસનું મરણ નીપજે છે ત્યારે તેની છેલ્લી ઘડીએ તે એક ઘણીજ અગત્યની ક્રિયામાંથી પસાર થાય છે, કે જે વખતે તેણે પોતાની આખી જીંદગીમાં કરેલા તમામ નાનાં મોટાં કામો તથા બીજા બનાવો, તેના કારણો તથા તેથી ઉપજતાં પરીણામો, તેમજ તેણે પોતાની જીંદગી દરમ્યાન જે જે ફતેહો તથા નિષ્ફળતાઓ મેલવી હોય તે સઘલાંનો ઇન્તેખાબ માણુસ લઈ જાય છે, તથા તે સર્વે બનાવો તેની આંખ આગળથી, જેમ સીનેમેટોગ્રાફમાં તરાામ બની ગયલા બનાવો તથા દેખાવો આપણે આપણી આંખ આગળ બનતા હોય એમ જોઇયે છીયે. તેમ, તે ગુજરનારની નજર આગલથી પસાર થઇ જાય છે, અને તે મધેથી તે ઘણોક બોધ મેલવે છે. તે પછી તેની જીંદગીની દોરી જે હજુર સુધી તેના ખાકી શરીર સાથે જોડાયલી હતી તે તુટી જાય છે, અને ફરોહર પોતાનાં બીજા શુક્ષ્મ [મીનોઇ] શરીરો સાથે બેભાન ખુશનુમા સ્વપ્ના જેવી હાલતમાં કેટલાક કલાકો સુધી રહે છે.

ગુજરનાર આગળ ચુપકીદીની જરૂર—રડવું-કુટવું નામુનાસેબ.

જીંદગી ખતમ થતી વખતની આ છેલ્લી અગત્યની ક્રિયા ગુજરનારના બાબમાં બનતી હોવાથી એ પ્રસંગે આપણ હરેક જીવતાંઓની પવિત્ર ફરજ એ છે કે આપણાં વહાલાં ગુજરનારના બીછાનાં આગલ હમેશાં શાંતીની તથા ચુપકીદીની તથા બંદગીની ભલી અસરો તથા સારી ધ્વનીઓ પાથરવી. જે વેલા મરણ પામતા માણસનું રૂહ પુરી થતી જીંદગીનો ઈતિખાબ લેવામાં રોકાયલું હોય છે ત્યારે આપણું દુ:ખ અને દલગીરી ગમ અને રડારોલ તેના કિમતી કામમાં બહુજ ખલલ નાખે છે તેમજ મરણ પછી થોડા વખત તે શાંત ખુશ સ્વપન્વત હાલતમાં રહે છે, તે વખતે પણ આપણી એવી વર્તણુકથી તે જાગરત થઇ બહુજ દુખી થાય છે. તે વખતે આપણી ખાસ ફરજ છે કે સબુરી અખત્યાર કરી ગુજરનારની નૈયતે ભલી દુ:આ ગુજારવી.

ગુજરનારના બીછાના આગલ કોઇ પણ પ્રકારની માહેતમ તથા કલાપીટ કરવી નહી, કોઇબી રીતે તેની જીંદગીની છેલ્લી કીમતી પલે બાહેરની આપણી સ્વાર્થી લાગણીઓની તથા જુસ્સાઓની સખત ધ્વનીઓથી તેને હરકત કરવી નહી, કારણ કે આપણે ઉપર જોઇ ગયા તેમ તે શખ્સ પોતાની ખતમ થતી જીંદગીનો ઇન્તેખાબ લઇ તેમાંથી પોતાની વૃદ્ધિને માટે કેટલોક બોધ લીએ છે, તે વખતે તેની આસપાસ શાંતી પાંથરી તેના કામમાં મદદ કરવી જોઇયે, અને નહીં કે આપણી માહેતમ તથા કલાપીટથી તેની શાંતીમાં ખલલ નાખી તેને કીમતી બોધ લેતાં અટકાવવો જોઇયે. ઔર સામું તે વખતે બંદગી તથા બીજી ભલી દુવાઓના સારા વિચારો પાંથરવા જોઇયે, અને તેટલાજ માટે દરેક ધર્મમાં તેમજ આપણા પાક જરથોસ્તી ધર્મમાં પણ ગુજરનાર માટે બંદગી કરવાનું તથા મરણનાં બીછાનાં આગલ શાંતી જાલવવાનું ફરમાન આપેલું આપણે જોઇયે છીયે.

વળી ગુજરવા પછી કેટલાંક વર્ષો સુધી પણ જ્યારે ગુજરનાર બહેસ્તના માર્ગમાં હોય ત્યારે પણ વિલાપ તથા માહેતમ તેને બેહસ્ત તરફ જતાં અટકાવે છે. જરથોસ્તીઓમાં એક એવી દંતકથા હસ્તી ભોગવે છે કે મરનાર યાને ગુજર પામેલાંઓનાં શોક માટે જેટલાં આંસુઓ પાડવામાં આવે છે તેટલાં આંસુઓની સંખ્યામાં લોહીની નદીઓ બને છે અને તે નદીઓ તે ગુજર પામેલાનાં રસ્તામાં અટકાવ નાંખે છે, જેથી આવી નદીઓ વચ્ચે આવવાથી ગુજર પામેલાંને પોતાનું શ્રેષ્ટ ધામ જે બેહસ્ત છે તે તરફ જતાં તકલીફ નડે છે. હવે આ દંતકથામાં ગુપ્ત જ્ઞાનનો મર્મ ઘણીજ બાહોશીથી છુપાવી સાચવી રાખેલો છે તે દરેક સમજુ આદમીને તુરત માલુમ પડશે. ગુપ્ત જ્ઞાન યાને મિનોઇ ડાહપણ આપણને એવું શીખાડે છે કે ગુજર પામેલાંઓ માટે જો આપણે શોક કરીએ અને દિલગીર થઇયે તો તે શોક અને દલગીરીનાં જોશનાં પ્રમાણમાં તે ગુજર પામેલાંને આપણે આ ખાકી દુનિયાં તરફ ખેંચેલું રાખીએ છીએ, તેથી આવી રીતનાં ગેર સમજ ભર્યા આપણા આ માનસિક કામથી તે ગુજર પામેલાંને હમેસ્તગાનનાં ઉતરતાં ભુવનો ઉપરજ ગોથા થોભી રહેવું થાય છે, અને બેહેસ્તનાં ચઢતા તબકા કે જ્યાં ખાકી દુનિયાની રંજ, પીડા, વગેરેનો કાંઇજ વાસો હોતો નથી, તેવાં સુખવાસી ભુવન અથવા સ્વર્ગ તરફ જવાને આ રવાનને સવળતા મલતી નથી. તેથી ગુજર પામેલાંઓ તરફ આપણે જો દલગીરી અથવા શોક કર્યાં વગર, સ્થિર રહી અને ધીરજ રાખી શાંત મનથી મોહબત ભર્યા અને દુવા બંદગીનાં ભલા વિચારો મોકલીયે તો તે આપણા વિચારની

બરકતથી તે ગુજર પામેલાનાં બેહેસ્ત તરફ આગળ વધવાનાં રસ્તામાં ઘણી સવળતા થઇ પડે છે. ગુજર પામતી વેળાએ ગુજરનાર આદમીનાં કાનમાં મોટે સાદે "યથા" અથવા "અષેમ" જેવા પવિત્ર શબ્દો ભણવાનો જે રવૈયો જરથોસ્તીઓમાં હજુ ચાલુ છે તેનો ભાવાર્થ અથવા મકસદ એજ છે કે ગુજર પામેલાનું મન હવે આ ખાકી દુનિયાંની માયા અને જંજાલ તરફ નહી વળગેલું રહે, પણ તે હવે મીનોઇ બાબદ તરફજ વળગ્યું રહે, કે જેથી બેહસ્ત તરફ તે લગાર સેતાબીથી પોંહચવાને સામર્થવાન બને.

આ ઉપરથી દેખઇતું છે કે આપણા મરનાર વાહાલાંઓ માટે શોક કે વીલાપ અણઘટતો છે. તેઓ માટે ભલી પવીત્ર યાદ જાળવી રાખવી જોઇએ. આપણાં વહાલાંઓ, જેઓની સંગતમાં આપણે આપણી જીંદગીનો થોડો ઘણો ભાગ ગુજારેલો અને જેઓએ આપણને માટે કાલજી રાખેલી, તથા આપણા ભલાં કાજે મહેનત તથા રંજ ખેંચેલી તેઓને શું વીસરી જવાં જોઇએ? તથા તેઓના મરણ બાદ તેઓની મોહબત, મેહર, મીત્રાચારી, પ્યાર, પ્રેમ વગેરે તેઓના ગુણો ભુલી જવા જોઇએ? તેઓએ આપણાપર કરેલા ઉપકારો પછી તે ઉપકારો તન, મન, કે ધનથી કીધા હોય તે પણ વીસરી જવા જોઇએ? જેઓએ પોતાની મરણની છેલ્લી ઘડી સુધી આપણા માટે કાલજી રાખેલી તેઓની યાદદાસ્ત આપણા દીલમાંથી બીલકુલ કાઢી નાખવી જોઇએ? નહી કદી નહી. તેઓની યાદદાસ્ત ધર્મ અને અક્કલને અનુસરતી રીતથી તાજી રાખવી જોઇએ.

પ્લુતાર્ક નામનો મહાન નર કહે છે કે "મરનાર માટેની આપણી મોહબતની ઇંધાની તેને માટે શોક કે માહતમ કરવામાંજ નથી પણ તેની કીર્તીને માન સાથ યાદ કરવામાં સમાયલી છે. કારણ એક ભલા મરનાર માટે શોકનું ગાયન ન છાજતું છે, પણ તેની વખાણ ગાવી ઘટારત છે. તેના ગુજર પામવાથી આપણને થયલી ખોટની લાગણી ધરાવી શોક કરવા કરતાં માન ભરી ભલી યાદથી જાળવવી જોઇએ અને ફરેસ્તાઓને દલગીરીનાં આંસુઓને બદલે ભલી દુવાઓ તથા મોહબત ભરી યાદ અર્પણ કરવી જોઇએ. કારણ કે મરનાર જેણે આ ખાકી દુનિયામાં રહેવાનું બંધ કીધું છે તે હવે ખોદાઇ રોશનીમાં ભાગ લેનાર થાય છે." માટે ઉપર કહ્યું તેમ શોક અથવા માહેતમને બદલે માન પૂર્વક યાદથી વાહલાં ગુજર પામનારાંઓના મરણની યાદ રાખવી જોઇએ.

બાહેરની કરવામાં આવતી એવી બંદગી તથા ક્રિયાઓના ભીતરમાં આ ભેદ સમાયલો આપણુને માલમ પડે છે કે તેની જીંદગીની છેલ્લી ઘડીએ તેની આગલ બંદગીના કલામોથી શાંતી તથા ચુપકીદી પંથરાય.

મરણનો માહેતમ સ્વાર્થી છે.

આપણે ખુલ્લાં મનથી તથા અપક્ષપાત રીતે જો આપણી કલાપીટનું યા માહેતમનું કારણ શોધીશું તો તેમાં આપણો પોતાનો આપસ્વાર્થજ માલમ પડશે, કારણ કે ખરૂં પુછાવતાં આપણું વહાલુ આ દુનિયાં છોડી જાય છે તેને પોતાને માટે જેટલો વીલાપ આપણુ નથી કરતાં તેના કરતાં વધુ વીલાપ આપણા પોતાના લાભમાં નુકશાન થયું, માહરૂં ગયું, માહરી સઘલી મેહેનત વ્યર્થ ગઈ, હવે કેમ થશે, માહરી આશાઓ નીષફળ ગઇ આપણુને પોતાને તેના ગુજરવાથી ખોટ ગઇ, તે માટે કરીયે છીયે, જેમાં ખરે આપણો સ્વાર્થજં માલમ પડે છે. તેટલા માટે દરેક માણસની પવિત્ર ફરજ છે કે તેણે પોતાના લાભ તરફ નહીં જોતાં પોતાનાં વહાલાંને જો કાંઇબી મદદ થઇ શકતી હોય તો તે કરવાનો ખ્યાલ રાખી તેની જીંદગી ખતમ થતી વખતની કીમતી પલે પોતાથી બને તેમ શાંતીના તથા બંદગીના ભલા કલામોથી તેને મદદ કરવી, તથા પોતાની લાગણીઓને દાબી દઇ તેના મરણના બીછાના આગલ જેમ બને તેમ ચુપકીદી પાંથરવી. અગર જો એ વખતે અજ્ઞાનપણાથી યા આપણી સ્વાર્થી મતલબથી બેઅખત્યાર કલાપીટ તથા માહેતમ કરીએ તો તેથી ઘણી સખત ધ્વનીઓ ઉત્પન્ન કરી તેને મલતા કીમતી બોધમાં આપણુ ઘણી ખલલ પોંહોચાડીએ છીયે, તથા જેમ એક માણુસ પોતાની જીંદગીમાં કાંઇક અગતયના કામમાં રોકાયલો હોય તેને તે શુભ કામમાં ખલલ નાખ્યાથી તે જેમ બેચેન તથા નાખુશ થાય છે તેમ આપણી માહેતમ તથા રડારોળથી આપણું વહાલુ ગુજરનાર પોતે બેહદ નાખુશ તથા દલગીર થાય છે. આપણુ તેના કીમતી લાભમાં ખલલ નાખી તેને વધુ દુઃખી કરીયે છીયે એટલુંજ નહી, પણ તે કલાપીટ વધુ વખત ચાલુ રહેતાં જીંદગી ખતમ થયા પછી જે શાંત મીઠી ઉંઘમાં તે બેભાન હાલતમાં રહેવો જોઇયે તેમાંથી ગોયા જાગૃત થઇ તે બહુ દુઃખી તથા હેરાન થાય છે.

જરા વધુ ધીરજથી તથા ઉંડાણમાં જઇ જો આપણે વિચાર કરીશુ તો માલમ પડશે કે મોત માટે વીલાપ તથા જારી કરવામાં આપણે કુદરતના ન્યાયી તથા દયાલુ કાયદાનું માત્ર અજ્ઞાનપણું દેખાડીયે છીયે, કારણ કે માણુસ પોતે, જેમ આપણે આગલ જોયું તેમ, કાંઇ આ ખાકી શરીર

નથી. તે તો પોતે સદાકાળ હસ્તી ધરાવનારૂ, અવીનાશી, અમ્મર મીનોઇ તત્વ રૂહ છે, ને અહુરમજ્દ તેનો પિતા છે અને તે અહુરમજ્દનો પુત્ર છે. અહુરમજ્દને જો ઝાડ તરીકે લેખીએ તો ફરોહર તેનું બીજ છે, અહુરમજ્દને જો આતશ લેખીએ તો તે તેની ચીનગારી છે; માટે કોઇબી અલંકારમાં લેતાં તે અહુરમજ્દમાંથી નીકલેલુ એક તત્વ હોવાથી તેના પિતા જેવી સઘલી શક્તિઓ તથા ગુણો જે હાલ તેનામાં મંદ છે તે ખીલી નીકલવાની તમામ તાકાત તથા શક્તિ ધરાવે છે. ખાકી શરીરના નાશ પામવાથી તે કાંઇ નાશ પામતું નથી. પણ ખાકી શરીર જે તેણે પોતાના ઉપયોગ માટે, પોતાની વૃદ્ધિ કરવા માટે, અહુરમજ્દની તમામ શક્તિઓ તેનામાં ખીલવવા માટે ધારણ કર્યું છે તે હવે તેની આગલ વધતી જતી જીંદગીને માટે નાલાયક થઇ પડેલું હોવાથી તેનો કબજો તે સદાનો છોડી ગયું છે જે તેના પ્રગટીકરણ અથવા વૃદ્ધિની નેમથી જોતાં તેને માટે ઘણું જરૂરનું છે.

તે જો કે ખાકી દુનિયાંમા આપણી નજર આગલથી દુર થયો છે, તથા આપણા સમાગમમાં આવી શકતો નથી, તો પણ મીનોઇ અણદીઠ દુનિયામાં તો તે કાંઇ સુખી હાલતમાં હૈયાત છે, જ્યાં અગરજો આપણે ચાહીયે તો, તેના સમાગમમાં આવી શકયે છીયે. જેમ આપણું કોઇ સગુ વહાલુ યા દોસ્ત આસ્નાવ આપણાથી હજારો માઇલ દુર બીજા દેશાવરોમાં ગયુ હોય, આપણી નજરથી દૂર થયું હોય, તો તે માટે આપણે કાંઇ અફસોસ કે ગમગીની કરતા નથી, કારણ કે આપણે જાણીયે છીયે કે જોકે આપણે એક બીજાથી જુદા પડયા છૈયે તોપણ તે બીજા મુલકમાં સહી-સલામત હૈયાત છે તથા સુખી છે એ વિચાર આપણને આનંદ પમાડે છે, તથા સુખ આપે છે, તેજ પ્રમાણે આપણા ગુજરેલાં વાહાલાંઓ મીનોઇ દુનિયામાં આ ખાકી દુનિયાં કરતાં કાંઇક વધુ સુખી હાલતમાં છે, તેઓ હાંજ આપણી આસપાસ વ્યાપી રહેલી મીનોઇ અદ્દષ્ય દુનિયાંમાં હૈયાત છે એ ખ્યાલ આપણામાંથી ગમગીની તથા શોક દુર કરે છે એટલુંજ નહીં પણ એ દુઃખ વખતે આપણને ઘણી ધીરજ તથા સબુરી આપે છે, તથા અજ્ઞાન-પણાંને લીધે જે દુઃખ ખમતા હતા તેનું નીવારણ કરે છે.

આપણે સરખામણીઓથી દીલાસો લેવો જોઇએ કે કોઇ પણ શખ્સ એવો નથી કે તેણે પોતાના વાહાલાંને ખોયું ન હોય. ગૌતમ બુદ્ધની "રાઇના દાણાની વાત" એવીજ સરખામણીથી સારો બોધ આપે છે. કીસાગાલસી નામની એક જવાન બાઇ એક તવંગર આદમીના એકપુત્ર

છોકરા સાથ ધામધુમથી અને ખુશી ખુશાલીથી પરણી. તેઓને એક ઘણું ખુબસુરત બેટાની બક્ષીસ થઇ. તે છોકરો ચાલતો થયો કે મરણ પામ્યો. પોતાના ખુબસુરત પ્યારા બચ્ચાની જુદાઇના ખ્યાલમાં તે ગોયા દીવાની થઇ તે પોતાના બચ્ચાને છાતીએ દાબી ઘેરે ઘેર ભટકવા લાગી કે "કોઈ આ બચ્ચાંને સારૂ કરવાની દવા આપો." એક બુધિષ્ટ ભીક્ષુક તેણીના મનની હાલત પામી જઇ તેણીને કહ્યું કે "બાઈ તું ગૌતમ બુદ્ધ આગળ જા તે તુંને એની દવા આપશે." આ સમજી તેણી બુદ્ધ આગલ ગઈ અને કહ્યું "ગુરૂજી! મારા બચ્ચાને સારૂં થાય એવી દવા તમો જાણો છો," ગૌતમ બુધ્ધે ખરી હકીકત જાણી જઇ તેણીને કહ્યું "હા. હું જાણું છું. થોડા રાઇના દાણા લેઇ આવ, પણ તે એવા ઘરમાંથી લાવજે કે જે ઘરમાં કોઇનો દીકરો યા બાપ યા ખાવીંદ યા ગુલામ યા સગો મરણ પામ્યો નહી હોય" આટલુ સમજી તે બાઇ "ઠીક છે" એમ કહી પોતાના બચ્ચાને છાતીએ મારી તે દાણા લેવા ગઇ. તેણીની માગણીથી લોકો તુરત રાઇના દાણા આપવા લાગા પણ જ્યારે તેણી સવાલ કરતી કે "તમારા ઘરમાં કોઇ મરણ પામ્યું છે?" ત્યારે કોઇ કહેતું કે "બાઇ તું શું કહે છે અહીંતો જીવતાં કરતાં મરણ પામેલાંઓ વધારે છે." "કોઇ કહે હમારા મા બાપ ગુજરી ગયા." કોઇ કહે "હમારો છોકરો ગુજરી ગયો" કોઇ કહે "હમારો ગુલામ ગુજરી ગયો છે," આમ ઘેરે ઘર રખડતાં તેણીને માલુમ પડયું કે કોઇ પણ ઘર એવું નથી કે જયાં કોઈ ને કોઇ વહાલુ મરણ પામ્યું નહી હોય, ત્યારે તેણીના મનની શાંન્તી થવા માંડી અને તેણીના બચ્ચાંને અવલમંજલ કીધું. અને પાછી બુદ્ધ આગલ ગઇ અને કહ્યું કે "તમો કહો છો તેવું કાંઈ મલતું નથી." ત્યારે બુધ્ધે તેણીને આ દુન્યાની નાપાએદારી વીશે વધુ સમજ આપી.

પણ કમનસીબે હાલ એ બાબદ વિશે જેટલી વાકેફગારી હોવી જોઇએ તેટલી નહી હોવાથી, આપણે પોતે અજ્ઞાનપણાનાં અંધકારમાં લાગણીઓથી દોરવાથી જઈ વિચાર શક્તિનો ભલો ઉપ્યોગ કરી શકતાં નહી હોવાથી મોત બાબે આપણામાં ઘણોક ભય તથા બીહીક ઉત્પન્ન થાય છે. માણસની મરણ પછીની હાલત કેવી થાય છે, તેનું રવાન કયાં જાય છે, તેનુ શું થાય છે, મોત શા માટે અવશ્યનું છે, વગેરે બાબદોનું, ઉપર ટપકેનું જો થોડું ઘણુંબી જ્ઞાન મેળવ્યું હોય તો આપણા વાહલાંઓનાં મરણ વખતે આપણને વીલાપ તથા માહેતમ કરવાની કાંઇ પણ જરૂર રહેતી નથી, પણ ઊલટ તે વખતે શાંતી તથા ખામોશી અખત્યાર કરી આપણી ફરજો અદા

કરી શકીયે છીયે, તથા તેઓને મીનોઈ દુનિયાંમાં શાંતિ તથા સુખ મને તે માટે પ્રાર્થના તથા દુવા કરવાના ઘટતા ઉપાયો લઈયે છીયે, જેથી કરી તેઓને ખોહવાથી આપણને કાંઇ પણ દુઃખ ઉપજતું નથી. પ્લેતો કહેછે તેમ એક દલગીરીને દુર કરવાનો સૌથી સરસ ઉપાય એ કે આવી પડેલાં દુઃખને તે વેળા દુર કરવાનો વીચાર કરવો.

આ પ્રમાણે જ્ઞાનથી ખુદરતના કાયદાઓ તથા નિયમોને સમજવા માટે થોડું ઘણુંબી જાણવાનું જરૂરનું હોવાથી, નીચે પ્રમાણેનો થોડોક ખુલાસો રજુ કરવાની જરૂર છે. *

અત્રે એ બાબદ માટે ખોદાશનાશીના કેટલાક આગલ વધેલા વિદ્યાર્થીઓના જાતી અનુભવના પરીણામ તરીકે બાહેર પાડેલી કેટલીક વીગતો ટુંકમાં નીચે મુજબ રજુ કરીયે છીયે.

માણસનાં ખાકી તથા મીનોઇ શરીરો.

પ્રથમ જાણવું અગત્યનું છે કે માણસ કાંઇ આ ખાકીજ શરીર ધરાવતો નથી, પણ તેનામાં એ ઉપરાંત બીજા છ તત્વો હસ્તી ધરાવે છે જે વિષે યજશનેના (હા ૫૫) માં પણ જાહેર કરેલું આપણે પ્રથમ જોઈ ગયા છીયે. એ રીતે ત્યારે માણસ સાત તત્વોનુ બનેલું છે, એ પુરવાર થાય છે. એ સાત તત્વોમાં નીચલા ચાર તત્વો જેને અવસ્તા ભાષામાં તન્વસ, કહેર્પેમ, ઉસ્તાન તથા તેવીષી કહેવામાં આવે છે તે નાશવંત તથા ફાંની છે, ત્યારે ઉપલા ત્રણ તત્વો જેને ઉર્વાનેમ, બઓધાંગ તથા ફ્રવશિ કહેવામાં આવે છે તથા જેને સાધારણ રીતે સામટુ લેતાં "ફરોહર" તરીકે પણ ગણવામાં આવે છે તે અમ્મર તથા અવીનાશી અહુરમજદનુ પોતાનું કીરણ છે.

એ અમ્મર તત્વ ફરોહર નીચલાં ચાર તત્વોથી બનેલાં શરીરો જેને ખોદાશનાશીમાં ખાકી શરીર, છાયા શરીર, લાગણીઓને લગતુ શરીર અથવા એસ્ત્રલ શરીર તથા વીચારને લગતું (માનસીક શરીર) કહેવામાં

---

* એ બાબદ સંપુર્ણ રીતે સમજવી એટલી તો બીકટ તથા અઘરી છે કે તેનો સઘલો ખુલાસો આ નાનાં ચોપાનીયાંમાં દાખલ કરી શકાતો નથી, તેટલા માટે જેઓ એ બાબદનો વીગતેથી અભ્યાસ કરવા માંગતા હોય તેઓએ થીઓસોફીનું એ બાબેનું સાહીત્ય વાંચવું, અથવા એ બાબદ ઉપર ગુજરાતી ભાષામાં લખાયલી "મરણ પછી માણસની હાલત" નામની ચોપડીનો અભ્યાસ કરવો કે જેથી ઘણીક બાબદોનો વીગતેથી ખુલાસો મલશે.

આવે છે તે મારફતે જુદા જુદા ભુવનો અથવા દુનિયાઓમાં કામ કરે છે. દાખલા તરીકે જ્યારે માણુસ ખાકી શરીર મારફતે પાંચે ઈંદ્રિઓ વડે જુદુ જુદુ કાર્ય કરે છે ત્યારે તેનું ભાન ખાકી શરીરમાં હોય છે, બાહેરથી આવતી ધ્વનીઓ અંદર રહેલાં ફરોહરને ઇથરને લગતાં શરીર તથા બીજાં શરીરો મારફતે પુગે છે. જ્યારે માણુસ સુખ દુઃખની યા સારી માઠી લાગણીઓ જેવી કે દયા, દીલસોજી, સખાવત, તેમજ કીનો, ગુસ્સો, ધીક્કાર અદેખાઇ વગેરે જાહેર કરે છે ત્યારે તેનુ ભાન તેના લાગણીને લગતા શરીરમાં હોય છે. જ્યારે તે વિચાર કરે છે, મનને લગતી ક્રિયાઓ કરે છે, ત્યારે તેનુ ભાન વિચારને લગતાં યાને માનસિક શરિરમાં હોય છે.

આ પ્રમાણે નીચલાં શરીરો મારફતે જીદંગી દરમ્યાન માણુસ કાર્યો કરે છે, જે કરવામાં તે પોતાની વૃદ્ધિને માટે ઘણોક અનુભવ રૂપી ખોરાક ભેગો કરે છે, જે મધેથી મરણુ પછી તે પોતા માટે ઘણાક ગુણો તથા શક્તિઓ ખીલવી વૃદ્ધિનું કામ આગળ વધારવા ખાતર ઘણો લાંબો વખત ગયા બાદ વધુ ખીલેલી મનશક્તિ તથા નીતિ તથા બીજા ગુણો સહીત પાછો જન્મ લઇ પોતાનુ ગઇ જીંદગીનું બાકી અધુરૂં રહેલું કાર્ય શરૂ કરી સંપુર્ણતાને છેડે પુગવાની કોશેશ કરે છે. તેટલા માટે મનુસ્યની જીંદગીની છેવટની નેમ શું છે અને તે કયાં લઇ જનાર છે તે વિષે વિચાર કરીશું તો આપણુને માલમ પડશે કે સૃષ્ટિમાં સઘલે ઠેકાણે વૃદ્ધિનો અથવા પ્રગટી કરણુનો જે નિયમ કાર્ય કરે છે તે નિયમ મુજબ માણુસના આત્મા અથવા ફરોહરે પોતામાં મંદ રહેલી અહુરમજદની ભેલી શક્તિઓ તથા ગુણો, જુદાં જુદાં શરીરો મારફતે અનુભવ લઇ ખીલવી પોતાના પીતા અહુરમજદના જેવા સંપુર્ણ થઇ તેનામા મલી જવાની છે, જે વિષે બુનદેહેશ કેતાબમાં પણુ જણુાવવામાં આવ્યું છે કે—

અહુરમજદે ફરોહરો સાથે ગોફતેગો કરી તેઓને બે ચીજની પસંદગી આપી કહ્યું કે દરૂજથી તમોને હું હમેશાં બચાવેલા મારી નજદીક રાખુ. તે તમોને પસંદ છે કે તમો પોતે ખાકી શરીર અખત્યાર કરી ગેતીમાં જાહેર થઇ, દ્રુજ અથવા બદી સામે લડી, તેની ઉપર જીત મેલવી સંપુર્ણતા તથા અમર્ગી હાંસલ કરી પાછા મારામાં આવી મલો તે. એના જવાબમા ફરોહરોએ, ખાકી શરીર અખત્યાર કરી, ગેતીમાં જાહેર થઇ, દ્રુજ સાંમે લડી ફતેહ મેલવી સંપુર્ણતા તથા અમર્ગી હાંસલ કરી અહુરમજદમાં મલી જવુએ એવું જાહેર કરયું.

એ સંપુર્ણતા હાંસલ કરવાની ક્રિયા તે કાંઇજ નહી પણ વૃદ્ધિની અથવા પ્રગટીકરણની ક્રિયા છે કે જે વિષે આજની વિદ્યાએ પણ એ મહાન ક્રિયા કોઇ કીર્તીમાન છેડે આપણને લઇ જાય છે એવું સાબેત કર્યું છે.

એ કીર્તીમાન છેડે પુગવા ખાતર આ ખાકી શરીર તથા બીજાં શરીરો માણસે ધારણ કર્યાં છે કે જે વડે તે અનુભવ મેલવી પોતાની વૃદ્ધિ કરી નેમેલ ઠેકાણે અંતે પુગે, અને તેટલા માટેજ ખાકી શરીર જે થોડાંક વર્ષો વાપરયા બાદ ફ્રેરોહરને વૃદ્ધિને માટે બીન ઉપયોગી થઈ પડે છે તેને છોડી જવાનું પ્રગટીકરણની નેમથી જોતાં અવસ્યનું છે.

મરણનો ઉપયોગ યા જરૂર.

આ રીતે જોતાં આપણને માલમ પડે છે કે મરણ એ ખુદરતનો તદન વાજબી, ન્યાયી તથા માયાલુ નિયમ છે જે નિયમ વડેજ માણસ પોતાની વૃદ્ધિ કરી શકે છે. મરણ માટેનો આપણો વીલાપ માત્ર ખુદરતના ડહાપણનું અજ્ઞાનપણ દેખાડે છે, પણ જો ધીરજથી શાંત મને ખુદરતના કાયદાઓનું જ્ઞાન મેળવીશું તો એ બાહેરથી દેખાતી આફત તથા મુશકેલીમાં અનંત ડહાપણ તથા જ્ઞાન સમાવા ઉપરાંત તે દાદારનો બેહદ પ્યાર દેખાશે, કારણ કે જયારે આપણે તુરતના પરિણામ તરફથી આગલ વધી ભવિષ્યના પરિણામ ઉપર ઉંડાણથી દરીયાફ્ત કરીયે છીયે ત્યારે ખુદરતનો અચુક નિયમ ટુંકા વખત માટે નહીં પણ હંમેશગીના સુખને માટે કાર્ય કરે છે એમ જણાય છે. એક દયાળુ માતા પોતાના ડહાપણથી તથા બેહદ પ્યારથી પોતાના વહાલાં ફરજંદને બીમારીમાંથી સાજો કરવા કડવાં ઔષધ આપે છે તે વેળા તે તુરતનાં સુખ માટે વિચાર કરતી નથી કે એ ઔષધ તેના બાળકને કડવું લાગશે કે મીઠું, પણ તેના બાળકનો રોગ મટી જાય અને તે ભવિષ્યમાં સુખ પામે તે વિચાર ધ્યાનમાં રાખી તે આ પ્રમાણે વર્તે છે. આ વર્તણુકને તેમનું અજ્ઞાન બાળક એક ઘણુંજ ઘાતકી તથા ક્રૂર પગલું લેખે છે, પણ ખરેખરી રીતે જોતાં તો તે માયાથી ભરપુર છે. તેજ પ્રમાણે આપણા પીતા અહુરમજદ જે માયા, મોહોબત તથા દયાનો અખંડ ભંડાર છે, તે પોતાના વહાલાં બાળકોના સુખ તથા શાંતી ખાતર તથા તેઓના રવાનની બોખ્તગી અથવા મુક્તિ ખાતર મોત જેવી બાહેરથી દેખાતી ભયાનક, પણ ખરી રીતે જોતાં ઘણીજ માયાલુ તથા કિમતી નવાજેશ કરે છે, ત્યારે આપણે પણ અજ્ઞાન બાળક માફક તેનો વીલાપ તથા જારી કરીયે છીયે, એટલુંજ નહી પણ ઘણીક વાર અણુસમજુ બની ખુદા ઘાતકી છે, ક્રૂર છે, તેને ત્યાં ઇનસાફ નથી, વગેરે અઘટતા શબ્દો વાપરી પોતાના કીર્તાર

તરફની ફરજ ભુલી જઇ ઇશ્વરનીંદા કર્યે છીએ; પણ જરા ધીરજથી જો આપણે વિચાર કરીશું તો તેમાં આપણુની પોતાનીજ ભુલ માલમ પડયા વીના રહેશે નહી.

આપણે ઘડીભર એમ ઇચ્છીયે કે મરણ હતેજ નહી તો કેવું સારૂં પણ એકજ શરીરમાં સંપૂર્ણતા મેળવાતી નથી. અને શરીર નાશવંત ચીજ હોવાથી તેને ફરી ફરી બદલવા જરૂર છે. તો પછી વૃદ્ધિ કરી આપણી જોતને તે દાદારની જોતમાં મેલવી દેવાને, તથા તેનામાં આમેજ થઇ તેનું અનંત સુખ તથા આનંદ ચાખવાનો જે કીર્તીમાન છેડા છે તે છેડે પોંહોચવાને આપણે કેવી રીતે શક્તિવાન થઇયે? * તેટલા માટે તે કીર્તારે પોતાના અખંડ જ્ઞાનથી જે કાયદાઓ તથા નિયમો ઘડયા છે તે તદન વાજબી તથા બરહક છે એમ યકીન લાવી તેને ધીરજ, સબુરી શાંતી તથા ચુપકીદીથી માન આપી ચાલવાની આપણી ફરજ છે, તથા તે વિષે ઘટતું જ્ઞાન મેલવી તેમાંથી ડહાપણ લઇ અહુરમજદની મરજી પ્રમાણે ચાલવાની કોશેશ કરવી જોઇયે.

વળી આપણુને બીજી ચીંજ યાદ રાખવાની જરૂર છે તે એ કે, આ ખાકી દુનિયાં ઉપરાંત બીજી મીનોઇ અદૃષ્ય દુનિયાંઓ પણ હસ્તી ધરાવે છે, અને તેઓ ત્યાંજ આ ખાકી દુનિયાંની અંદર વ્યાપીને રહેલી છે. એ મીનોઇ દુનિયાં કાંઇ ખાકી દુનિયાંથી હજાર બે હજાર માઇલ ઉપર યા નીચે આવી નથી, પણ તેઓ ત્યાંજ વ્યાપીને રહેલી છે. જેમ વિદ્યા આપણુને શીખવે છે કે ઈથર નામનો પદાર્થ જે હવા કરતાં ઘણોજ શુક્ષ્મ છે તે તમામ પોલાણ [space] માં તેમજ તમામ જડ, પ્રવાહી તથા વાયુ રૂપ પદાર્થમાં વ્યાપીને રહેલો છે, તેમ મીનોઇ અણદીઠ દુનિયાંઓ અથવા ભુવનો ઇથર કરતાં પણ ઘણાજ પાતલા પદાર્થની હોવાથી ઘટ અથવા જડ પદાર્થમાં વ્યાપીને રહેલી છે એ માનવાને કારણ મલે છે; તથા ધર્મશાસ્ત્રોમાં પણ મીનોઇ દુનિયાની હસ્તી વિષે તથા ત્યાં કામ કરતાં યજદો, અમશાસ્પંદો તથા ફરેસ્તાઓ વગેરેની હસ્તી વિશે આપણુને જાહેર કરવામાં આવ્યું છે, જે બાબદને અંતર્દૃષ્ટિવાળા તથા ગુપ્ત જ્ઞાન જાણનારાઓ પણ ટેકો આપે છે.

એ રીતે તપાસતાં માલમ પડે છે કે મીનોઇ દુનિયાં તથા ત્યાં હસ્તી ધરાવનારી તમામ ચહડતે ઉતરતે દરજ્જેની મીનોઇ શક્તિઓ, તેમજ તે દુનિયામાં જુદા જુદા તબક્કા ઉપર રહેતાં ગુજરેલાંઓના ફરોહરો વગેરે સઘલાં

* જુઓ વોહુક્ષત્ર ગાથા, હા ૫૧, ફ. ૩, યજશ્ને, હા ૬૦, ફ. ૨૧, ઇત્યાદી.

ત્યાંજ આપણી આસપાસ અણુદીઠ રીતે રહેલાં છે. હવે ત્યારે સ્વભાવીક રીતે સવાલો ઉભા થાય છે કે, જો તેઓ આપણી આસપાસ ત્યાંજ છે તો આપણને તેઓ વિષે ભાન કેમ નથી થતું? અથવા તેઓને આપણે જોઇ કાંય નથી શકતાં? યા કાંય નહી તેઓ આપણી સાથ સમાગમમાં આવી શકતાં? ઇત્યાદિ. એના જવાબમાં ગુપ્ત જ્ઞાનના વિદ્યાર્થીઓ તરફથી આપણને એ જવાબ મલે છે કે તેઓએ પોતાનું ખાકી શરીર ખોહી દીધેલું હોવાથી, તથા મીનોઇ દુનિયાંમાં બીજાં શુક્ષ્મ શરીરોમાં હોવાથી, આપણી આ ખાકી આંખ વડે તેઓને આપણે જોઇ કે જાણી શકતાં નથી, પણ તેઓને જોવા માટે જો આપણે આપણી મીનોઇ ચશ્મો ખોલીયે, અને આપણા શુક્ષ્મ શરીરોમાં ભાન સહીત આપણે કામ કરતાં થઇયે, તો તેઓ વિશે આપણને ઘણુંક ભાન થઇ શકે; એટલુંજ નહીં, પણ જેમ બીજા એવા ઘણાક ગુપ્ત વિદ્યાના અભ્યારીઓ જેઓએ પોતાની મીનોઇ શક્તિઓ અશોઇના માર્ગે ગાલી ખીલવી છે, તથા મીનોઇ દુનિયાંમાં ચાલતી ક્રિયાઓ જોઇ છે, તથા તે દુનિયાંની ઘણીક હસ્તીઓ ઉપરાંત ગુજરેલાંઓનાં સ્થાનોને પણ જોયાં છે, તેઓ માફક આપણે પણ ગુજરેલાં-ઓની હાલત વિષે વાકેફગાર થઇ આપણી પોતાની ખાતરી કરી શકીયે એ સંભવીત છે. તે કરવા માટે જો આપણે જોઇતી મેહેનત તથા શ્રમ લઇશું, જોઇતી અશોઇ તથા પવિત્રાઇ અખત્યાર કરીશું, તથા બીજાં સઘલાં સાધનો પુરાં પાડીશું, તો આપણને જાતી અનુભવ થયા વીના રહેશે નહીં.

આ ઉપરથી ત્યારે સાબેત થાય છે કે મીનોઇ દુનિયાં જે ત્યાંજ છે તે વિષેનું જ્ઞાન જોઇતી લાયકાતો ધરાવ્યાથી મેલવી શકાય છે. ધર્મશાસ્ત્રમાં દોઝખ, હમેસ્તગાન તથા બેહેસ્તના તબક્કાઓ વિષે જે લખાણ મલે છે તે પેહેલ્લી નજરે કાંઇક ચોક્કસ બાંધેલાં મકાનો આ દુનિયાંથી દુર આસમાન-માં કંયે હોય એવો ખ્યાલ આપે છે, પણ ખરી રીતે જોતાં તે કાંઇ બાંધેલાં મકાનો યા જગ્યા નથી, પણ આ દુનિયાની અંદર વ્યાપી રહેલી શુક્ષ્મ પદાર્થની દુનિયાઓ છે અને દુઃખ તથા સુખ જે ગુજરેલાંઓ ત્યાં જુએ છે તે વર્ણનો ગુજરનારનાં ભાનની હાલતો દર્શાવે છે.

ગુજરેલાંની મીનોઇ જેહાનમાં થતી ગતી.

એક માણુસ જેવું મરણ પામ્યું, એટલે તેના ખાકી શરીર પરથી તે કબજો છોડી દીએ છે. બાકી બીજી બધી બાબદોમાં તે જેવું અતરે હતું તેવુંજ રહેછે. તેની ઇચ્છાઓ—લાગણીઓ ખાહેસો જે હતી તે સઘલી જેમની તેમ રહેછે. કેટલીક વેલા તે મરણ પામ્યું છે એવો ખ્યાલ વગીક

તેને આવતો નથી. પણ જ્યારે કાંઇ ખાકી વસ્તુ તે લેવા ઇચ્છે છે, કાંઇ પકડવા માગેછે, પણ ખાકી અવયવો નહીં હોવાથી તેમ થતું નથી ત્યારેજ તેને ભાન થાય છે. પહેલા ત્રણ દિવસ તે ગુજરનાર સ્વપ્નવસ્થ હાલતમાં રહેછે અને ચોથે દિવસે મીનોઇ દુન્યાના નીચલા તબકાઓમાં જાગૃત થાય છે. આ દુન્યા ઇચ્છાની દુન્યા કહેવાય છે. ત્યાં તે કેવી હાલત ભોગવશે તેનો બધો આધાર આ દુન્યામાં કીધેલી ઇચ્છાઓ અને લાગણીઓ ઉપર રહેછે. ઇચ્છાઓ જો શુદ્ધ તથા નેક હોય તો ત્યાંનો વખત તે શાન્ત હાલ-તમાં પસાર કરેછે. પણ જો તેની ઇચ્છાઓ-લાગણીઓ બહુજ જડ અને મલીન પ્રકારની હોય તો, જ્યાં સુધી તે બધી ખપી જાય ત્યાં સુધી બહુજ ખમવું પડે છે. ત્યાં એક છાકટયા બુરા માણસના બહુ ખરાબ હાલ થાય છે. કારણ કે ઇચ્છાઓ પોતાની દુન્યામાં બહુ બળવાન હોવા છતાં ખાકી શરીર વિના તે તેઓને પાર પાડી શકતો નથી. કહેછે કે '**તેન્ટલસ**'ને ચોકસ ગુનાહના વાંક માટે એવી રીતે બાંધીને મુકવામાં આવ્યો કે બીલકુલ હીલચાલ કરી શકે નહી. તેને પાણી પીવાની અત્યંત સોસ હતી. જ્યારે પાણી ધીમે ધીમે ઉંચે ચઢતાં ત્યારે તે બહુજ આતુરતાથી રાહ જોતો કે ક્યારે ઉપર સુધી આવશે? એવટે પાણી ધીમે ધીમે ઉંચે ચઢતાં છેક તેના હોઠ નજદીક આવતાં પણ તે મોહું ખોલી પીવાની અની ઉપર આવતો કે તુરત પાણી ઓસરી જતાં. આ હાલથી તેને કેવું દુઃખ થતું હશે? એવીજ હાલત ઇચ્છાથી ભરપુર શખ્સની મરણ પછી થાય છે. એક બીજો દાખલો લઇએ. ધારો કે એક છાકટ માણસ છે જેને દારૂ પીધાવિના જરાએ ચાલતું નથી. તેવા એકને હાથ પગ સીકડી લઇ ખુરસીપર બેસાડયો હોય, અને તેની સામેજ દારૂ પીવાની દરેક સામગ્રિઓ હાજર હોય, તો તે વેળા તેને કેવી લાગણીઓ થતી હશે તે તેનો જીવજ જાણે. હા—, કેવો જીવ થતો હશે કે હમણા તરાપ મારીને પીવા મંડી જાઉં? પણ તેમ તે બાપડો કરી શકતો નથી. તે વેળા તેને કેવી અફડાતફડી થતી હશે, કેટલી નાસીપાસી અને દુઃખ ઉપજતું હશે તે વર્ણવા કરતાં વિચારવું વધું ઠીક થઇ પડશે.

એ મુજબ ઇચ્છાની દુન્યામાં ઇચ્છાઓ ખપી જાય ત્યાં સુધી વેઠવું પડે છે. માટેજ, આપણ દરેકને સઝાવાર છે કે જીવતાં જીવત આ દુન્યામાં એવી એવી ઇચ્છા તૃષ્નાઓને વધારી નહી દેતાં તેઓની સામે લડત ચલાવી નબળી ઇચ્છાઓને વશ કરી નેક ઇચ્છાઓ ધરાવતાં થવું. આપણે ઉપર જોયું તેમ ફ્રવષિઓએ પોતાની ખુશીથી આ દુન્યામાં આવી બદી સામે લડત ચલાવી નેકી ઉપર ફતેહ મેળવવા દાદાર અહુરમજદ આગલ એ

કરાર કીધો હતો. માટે આપણુ દરેકજને બની આવે તેની પવિત્ર જીંદગી ગુજારી, આપણી દરેક ખાહેસો અને લાગણીઓને ઉંચ પ્રકારની કરવી કે જેથી ઇચ્છાની દુન્યામાં આપણા રૂહને વધુ વખત થોભવું પડે નહી. તેમજ મિનોઇ વૃદ્ધિમાં એક પગલું વધું આગલ લેવાય. એ તબકકો ખલાસ થવા બાદ ગુજરનાર પોતાની નેક કરણી મુજબ બેહશતનું અમર સુખ ચાખવા જાય છે. ઇચ્છાની દુન્યામાંથી બેહશતની દુન્યામાં દાખલ થવાનો સમય ઘણોજ આનંદમય હોય છે.

"ન વર્ણવી શકાય તેવી ખુશાલીથી, ન માપી શકાય તેવાં અમર્ગ સુખથી અને અત્યંત શાન્ત લાગણીથી તે બેહશતની દુન્યામાં જાગૃત થાય છે. દીલખુશ સુંદર અવાજોથી આસપાસની મીઠી હવા તેને વધાવી લીએ છે. ઝમકદાર શુશોભીત સુંદર રંગો તેની ઉંઘડતી આખોને આવકાર દીએ છે. તમામ કુદરત તેને રોશની અને ગાયનથી ભરપુર લાગે છે. અરે! તે અમર સુખમાં જાગ્રત થવાનું બરાબર બયાન કોણ કરી શકશે! યા બેહશત ની પેહેલી બામદાદનો રલીઆમનો મકીમાં કોણ ચીતારી શકશે?"

ગુજરનારને ઇચ્છાની દુન્યામાં આપણા ક્રિયા કામની અગત પડે છે કારણ ભણતરોની ખુબીથી આ દુન્યા તરફની તેમની વળગણોવાલાં શરીરને તેઓ કાપી નાખે છે. જેમ એક બલુનને ઉપર ચઢવા આગમજ બાંધી રાખવામાં આવે છે પણ પછી ઉપર ચઢવા માટે તેજ બાંધેલા ગાંઠો કાપી નાખવામાં આવે છે. તેજ મુઆફેક ગુજરનારની અનેક દુન્યવી ઇચ્છાઓ તેને આ દુન્યા તરફ ખેંચેલો રાખે છે, પણ ક્રિયા કામની અસરથી આ ગાંઠરૂપી ઇચ્છાવાલું શરીર કપાઇ જાય છે. પરન્તુ એવું પરીણામ લાવવા માટે આપણી ક્રિયાઓ ખાસ પવિત્રાઇથી અને ભણતરો ખરાં દિલની દાઝથી થવાં જોઇએ. એ ક્રિયાઓમાં સફાઇ, માથવાણી તથા એક ચીત્તની બંદગી અગતનો ભાગ બજાવે છે એ ભુલવું જોઇએ નહીં. વળી તે ક્રિયાઓ બીજાઓ પાસ કરાવી તેના પૈસા આપવાથીજ એ ફરજ કાંઇ પુરી થતી નથી. જેવી દીલસોજ લાગણી આપણે આપણા બહાલાંઓ તરફ ધરાવીયે તેવી તરાહેત પુરૂપ ધરાવી શકે નહી. માટે કાંઇ નહી તો ભાડુતી ભણતર કરાવીયે તે વેળા આપણી હાજરી ત્યાં જરૂર હોવી જોઇએ, અને ખરાં અંતઃકરણના જોસભર ઉભરાથી દુવા ચાહવી કે આ દુન્યા તરફનું મરનારનુ ખેંચાણ નીકળી જાવો અને તેમનું મુકામ શ્રોથમાન બહેશતમાં થાવો!

આપણુ ગુજરનાર માટે કાંઇબી બોલવું હોય ત્યારે તેનું નામ નહી લેતાં **બહેશતી** એવો બોલ વાપરીયે છીએ, તેના ઉંડાનમાંથી સારી સમજ

સમાયલી છે. એ શબ્દ અમથોજ બોલાવો જોઇએ નહી. પણ તે ઉચ્ચારતાં હર હમેશ એવો ખ્યાલ કરવો કે તે બહેશતનું સુખ વહેલું પામે. તેમજ તેમની નેયતે અનેક સખાવતના કામો કરીયે છીયે તે વેળા પણ એવો ખ્યાલ રાખવો કે એ કામનું ફલ યાને તે કાંમથી બીજાને મળતાં સુખનું પુન્ય તેને પહોંચો, એ ભલાઇનો અર્ક તેમને મિનોઇમાં આગલ વધવાને મદદ કરો !

અગર જો ગુજરનાર શખ્સે પોતાની જીંદગી ઘણીજ ખરાબ રીતે ગુજારી હોય, તે પુર હવસો તથા ગુસ્સાઓ તથા બીજી એવી ખરાબ લાગણીઓ સાથ મરણ પામ્યો હોય, તો તેનું ભાન, જે ખાકી* શરીર છોડી ગયા પછી એક જાતની શાંત મીઠી સ્વપ્ના જેવી બેભાન હાલતમાં હોય છે, તે થોડાક વખત વીત્યા બાદ મીનોઇ દુનિયાંના નીચલા તબકા ઉપર જાગૃત થઇ ત્યાં ઘણાજ બદસુરત તથા ડરામણા દેખાવો પોતાની આસપાસ જુવે છે, જે હાલતને આપણે દોઝખની ઉપમાં આપીયે છીયે. એ બુરા ડરામણા આકારો તે તેની કરણીથી પેદા થયલા હોય છે; તે તેના પોતાનાજ વીકારો, ગુસ્સાઓ તથા હવસો જે પુર જોરથી ઉભરી નીકલેલાં, તેના ઘણાજ ડરામણા તથા બદસુરત આકારો ઉત્પન્ન થયલા હોય તે છે. એના એકત્ર રૂપને ધર્મશાસ્ત્રમાં અલંકાર રીતે "કેરદાર" કહે છે. *

વલી "અરદાએ વીરાફ નામા"માં જે જીઆંગાર અઝદાહ તથા બીજા ફાડી ખાનારાં જનાવરો દોઝખમાં હોય છે એવું લખાણ આપણને મલે છે તે માત્ર એ નીચલા તબકાની હાલત અલંકારીક રીતે દર્શાવેલી આપણને લાગે છે.

પણ જે શખ્સે પોતાની જીંદગી સામાન્ય રીતે લેતાં સારી રીતે ગુજારી હોય તે એથી ઉંચા પ્રકારના ભાનની હાલત જેને હમેસ્તગાન કહેવામાં આવે છે તેમાં જાગૃત થાય છે. ત્યાં બદસુરત તથા ડરામણા આકારો તેની નજરે પડતા નથી, પણ મધ્યમ રીતે સારા દેખાવો તે પોતાની આસપાસ જુવે છે, જે પણ તેના પોતાનાજ વિચારો, લાગણીઓ, તથા વલણોથી ઉત્પન્ન થયલા હોય છે.

---

* જુઓ દાદોખ્ત નુસ્ક, પર્ગદ ૨ જી, ફ઼ં. ૨૭–૩૨. આ બાબદના અવસ્તા જળવાઇ રહ્યા નથી એમ જણાવવામાં આવે છે; પણ એરવદ કા૦ એ૦ કાંગા જણાવે છે કે "એને ઘણું ખરૂં મળતું બયાન પેહેલવી વીરાફ નામાનાં ૧૭ મા બાબમાં આવેલું છે."

એજ પ્રમાણે જેણે પોતાની જીંદગી ઘણીજ અશોઇથી તથા પરમાર્થી ભલાં કામોમાં ગુજારેલી હોય છે તે એથી વધારે ઉંચી તથા બુલંદ એવી સુખની હાલત જેને આપણે બેહેસ્ત કહીયે છીયે તેમાં જાગૃત થાય છે કે જ્યાં પણ ઘણાં ચહડતા ઉતરતા દરજ્જા હોય છે, જેને સતર પાયા, માહા પાયા, ખુરશેદ પાયા તથા ગરોથમાન બેહેસ્ત વગેરે નામોથી ઓળખવામાં આવે છે.* ત્યાં દરેક ગુજરનાર પોતાની જીંદગી દરમ્યાન કીધેલાં સખાવતનાં તથા પરમાર્થના કામોના પ્રમાણમાં સુખ તથા આનંદ પામે છે, તથા પરમાર્થી ગુણોને વધુ દરજ્જામાં ખીલવે છે.

બેકન કહે છે તેમ "એક કીર્તીવંત કામ કરતાં મરવું તે લડાઇની ઝુમએશમાં મરવા બરોબર બહાદુર મોત છે." સોક્રેટીસે જ્યારે તેને મારી નાંખવામાં આવ્યો ત્યારે મરતી વેળા કહ્યું કે "પ્રમાણીક જીંદગી ગુજારી ગયેલો માણુસ એક જાતની આ દુન્યાની બીમારીથી છુટો થાએ છે."

આઅત્ હીમ્ અઓખ્ત પેરેસો યો નર્શ અષઓનો ઉર્વ, ચિરચ ચરાઇતિશ્ અહિ, યાંમ ઇત્ યવ ચરાઇતિનામ્ કેહ્રપ સ્રએશ્તાંમ્ દાદરેસ.

આઅત્ હે પઇતિ-અઓખ્ત યા હ્વ દએન; અજેમ્ બાતે અહિ યુમ હુમનો હૂવચો હુષ્યોથન હુદએન, યા હ્વ દએન ખ્એપઇથે તન્વો; ચિરચ ર્વાંમ્ યકન અવ મસનમ્ચ વંઘહનચ સ્રયનચ, હુબઓઇધિતચ વેરેથ્રજાંસ્તચ પઇતિદ્વએષયન્તચ યથ યત્ મે સધયેહિ.

"ત્યારે તે રાસ્ત માણુસનાં રવાને (કન્યારૂપી કેરદારને) પુછ્યું કે, (તું) કોણ કુમારી છે જેને (મેં) (સઘળી) કુમારીઓમાં શરીરે તારા જેવી ઘણીજ શોભિતી કદાપી દીઠી.

"ત્યારે (તે રાસ્ત માણુસની) પોતાની કેરદારે (તે રવાનને) જવાબ આપ્યો કે, અએ નેક મનશ્નીવાળા, નેક ગવશ્નીવાળા, નેક કુનશ્નીવાળા (તથા) નેક નૈયતવાળા જવાન! હું ખરેખર તારી પોતાની કેરદાર છેઉં; જેમ (તું) મને દેખાએ છે (તેમ), (તારી) તે મ્હોટાઇને લીધે, ભલાઇને લીધે, શોભા (ઇયાને ખુબીવંતા ગુણો) ને લીધે (નેક કાંમોનાં) પમરાટને લીધે (બદી ઉપર મેળવેલી) ફતેહને લીધે તથા દ્વેષથી વેગળાપણાને લીધે દરેક જને તુંને પ્યારો ગણ્યો."

—[હાદોખ્ત નુસ્ક, ફર્ગરદ ૨ જો, ફ. ૧૦–૧૧. એરવદ કા. એ કાંગાનો તરજુમેઃ.]

આ ઉપરથી ત્યારે આપણુને માલમ પડે છે કે દોઝખ, હમેસ્તગાન તથા બેહેસ્ત વગેરે બાબદો વિશે ધર્મમાં જે કહ્યું છે તે ગુજરનારના પોતાના

---

* જુઓ હાદોખ્ત નુસ્ક, ફર્ગરદ ૨ જો, ફ. ૧૫. રસાના ચસ્ત.

ભાનની હાલતો છે. તે હાલતો તેણે પોતે જીંદગી દરમ્યાન કીધેલા વિચાર, ઇચ્છાઓ, ગુસ્સાઓ, લાગણીઓ તથા બીજાં સ્વાર્થી યા પરમાર્થી કામોના પ્રમાણમાં તેને સુખ દુઃખ આપી વૃદ્ધિ કરવાના કામમાં મદદ આપે છે.

ખાકીમા જન્મ તે મીનોઇમાં મરણ, ખાકીમાં મરણ તે મીનોઇમાં જન્મ.

આ રીતે તપાસતાં ત્યારે આપણને માલમ પડે છે કે મરણ પછીની હાલત આ ખાકી જીંદગી દરમ્યાન જુદાં જુદાં શરીરો મારફતે લીધેલો અનુભવ રૂપી ખોરાક પાચન કરી તે મધેથી આપણા ફરોહરની ગુપ્ત રહેલી શક્તિઓ ખીલવવાની એક જાતની ક્રિયા છે. તેટલા માટે **જન્મ પામવાનો બનાવ જેટલો અગત્યનો લાગે છે તે કરતાં વધુ અગત્યનો બનાવ મરણ પામવાનો આપણે જોઇયે છીયે,** કે જેથી આપણે આપણી શક્તિ ખીલવવાને આ દુનિયાંમાં જન્મ પામવું તે મીનોઇ દુનિયાંમાં મરણ પામવા બરાબર છે, તેમજ આ **દુનિયાંમાં મરણ પામવું તે મીનોઇ દુનિયાંમાં જન્મવા જેવું છે.**

એ પ્રમાણે જન્મ-મરણનો અરસ પરસ સંબંધ ચાલતો હોવાથી રવાન પોતે બોખતગી યાને મુક્તિ મેલવવાને લાયક થાય છે, તેટલા માટે મરણનો બનાવ પણ જન્મ પામવા જેટલોજ, આવકારદાયક લેખવો જોઇએ.

આ ઉપરથી ત્યારે આપણને સ્પષ્ટ માલમ પડે છે કે દરેક માણસ પોતાની કરણી મુજબ પોતાનુ બેહેસ્ત, હમેસ્તગાન યા દોઝખની હાલત ઉપજા કરે છે, જે તે મધેથી તે દુઃખ તથા સુખનો ઘણોક બોધ લઇ પોતાના રવાનની વૃદ્ધિ કરવા માટેની જોઇતી લાયકાતો મેળવતો જાય છે, તેટલા માટે એ હીંગામ ઉપર આપણ દરેક જણે આપણા ગુજરનાર વહાલાં તરફ એવી રીતે વર્તવું જોઇએ કે જેથી કરી તેના બેહેસ્તને લગતો માર્ગ મોકલો થાય યાને તેને બેહેસ્તનું અનંત સુખ મલવામાં મદદ પોહોંચાડી શકાય.

ગુજરેલાંઓને કેમ મદદ કરી શકાય.

અત્રે આપણને એક ચીજ યાદ રાખવાની જરૂર છે કે વિચારથી આપણે માત્ર આપણી ઉપરજ અસર કરતાં નથી, પણ આપણી આસપાસના સઘલાં જીવતાંઓ તેમજ વિચારની દુનિયાંમાં કાર્ય કરતી ઘણીક અણદીઠ હસ્તીઓ જેમાં વળી ગુજરનારના ફરોહર પણ આપણે લેખી શકીએ, તેઓ ઉપર પણ અસર પોહોચાડીયે છીયે; કારણ કે આપણે ઉપર જોઇ ગયા તેમ માણસ આ જીંદગી દરમ્યાન મીનોઇ દુનિયાંમાં પણ શુક્ષ્મ શરીરો વડે

ચોકસ જાતની ક્રિયા કરે છે. જે દુનિયાંઓ પણ શુક્ષ્મ પદાર્થની બનેલી હોવાથી ત્યાંજ વ્યાપીને રહેલી છે. તે ઉપરથી વિચારવું સેહેલ પડે છે કે આપણે આપણા વિચારો લાગણીઓ વગેરેથી અણદીઠ મીનોઇ દુનિયાંની હસ્તીઓને પણ અસર કરી શકીયે છીયે. તેટલા માટે કેટલીક વેહેવાર અદના સુચનાઓ દરેક વાંચનાર માટે અત્રે રજુ કરીયે છીયે કે જેથી મોત વખતે ગીરફતારીમાં તથા આફતમાં આવેલાં ભાઇબંધોને **તેઓનાં દુઃખમાં શાંતી તથા રાહત મલે,** તથા પુરતી ધીરજ તથા સબુરી સાથે પોતાના વાહલાં ગુજરનાર તરફની છેલ્લી પવિત્ર ફરજ અદા કરવાને તેઓ શક્તિવાન થાય.

૧. આપણે ઉપર જોઈ ગયા તેમ મરનારના બીછાના આગલ હાજર રહેનાર દરેક જણે શાંતી તથા ચુપકીદી અખત્યાર કરવી સજાવાર છે. આપણી લાગણી ગમે એવી ઉસ્કેરાયલી હોય, આપણુને ગમે એવું દુઃખ થતું હોય, તે છતાં પણ આપણા કરતાં **આપણાં ગુજરનાર વાહાલાંનું હીત હેડે ધરીને,** તે વખતે ખામોશી પકડવી જોઇએ. આપણી માહેતમ તથા કલાપીટથી આપણાં વહાલાં ગુજરનારને તેની કીમતિ છેલ્લી ઘડીએ જે બોધ તે મેલવે છે તેમાં ખલલ નાખી તેને દુઃખી કરીશું એ બીહીક ધ્યાનમાં રાખી તેની તરફ મોહોબતથી વર્તવું જોઇયે, એ વખત તેની તરફ શાંતીના તથા બીજા ભલા વીચારો મોકલવા જોઇએ, અથવા બને તો ત્યાં બંદગીના પવિત્ર કલામો શાંત મને પઢવા જોઇએ, કે જેથી તે જગ્યાની વાતાવરણમાં ઘણી શાંતી તથા ચુપકીદી પથરાય અને ગુજરનારને તેની જીંદગીના ઇન્તેખાબ લેવામાં ખલલ પડે નહીં.

૨. કુટુંબના વડાની પવિત્ર ફરજ છે કે તેણે પોતે હિમ્મત ધરી પોતાના ફરજંદો તથા બીજાં ખેશીઓને ધીરજ તથા હિમ્મત આપી સબુરી અખત્યાર કરવા બોધ દેવો, તથા પોતાનાં ગમગાં ગંભીરપણું, મધ્યમપણું, તથા મોટું મન રાખી તે વખતના ઘડીભરનાં દુઃખનો ફટકો ખમવાને સઘળાંઓને પોતાના દાખલાથી ધડો આપવો.

૩. જ્યાં સુધી ગુજરનાર અવલમંજલ પોહોંચે નહીં ત્યાં સુધી **ધર્મમાં ફરમાવેલી** ઘટતી ક્રિયા કરાવવી, તેમજ સગાંવાહાલાં તથા ખેશ કુટુંબીઓ તથા દોસ્ત આસનાવોએ ગુજરનાર માટે બંદગી કરવી.

૪. ધર્મમાં ફરમાવેલી ચાહારમની બામદાદ સુધીની તમામ ક્રિયાઓ, તેમજ તે પછીની બીજી સઘળી ઘટતી ક્રિયાઓ, લખલુટપણે નહીં, પણ ઘટતાં ભણતરો સાથે, ઘટતી સફાઇ તથા સુઘડાઇ સાથે, અશોઇના તરીકા

પ્રમાણે જરૂર કરાવવી, તથા દરેક ક્રિયા વખતે બેશીઓએ સામેલ થઇ તે વખતે પોતાના વહાલાં ગુજરનારની પવિત્ર યાદ પોતાના મનમાં કરી તેઓ માટે ઘટતી દુવા ગુજારવી; કારણ કે વહાલાંઓની ખરાં જીગરની બંદગી ગુજરનારને વધુ રાહત આપે છે.

૫. ગુજરનારને માટે **હરગેજ શોક તથા વિલાપ કરવો નહીં,** પણ તેને માટે ભલા વિચારો કરી મદદ પોંહોચાડવી. એટલા માટે જો બને તો દરરોજ પાંચ મીનીટ આપણા વહાલાં ગુજરનારનો એક આકાર મનમાં ઉભો કરી તેને માટે ખરાં જીગરથી તથા પુર ભક્તિભાવથી જોશભેર એવી ભલી દુવા ગુજારવી કે તેનું પવિત્ર રૂહ જ્યાંગી હોય ત્યાં હમેશાં ખુશાલ રહે, તથા તેની આસપાસ સદા **શાંતી** તથા **સુખ** પંથરાયલું રહે, તથા તેનો માર્ગ બેહેસ્તના ઉંચા તબકા ભણી આગલ ને આગલ વધતો જાય, તથા તેનું આ દુનિયાં ભણી કાંઇ પણ ખેંચાણ હોય તે તુટી જાય, અને તેની સઘલી ખાકી દુનિયાંની વલાણો ફેરવાઇ જઇ બેહેસ્તનું ઉત્તમ સુખ પામવા તે પોતે મીનોઇ જેહાંનમાં આગલ ને આગલ વધે. એ પ્રમાણે ખરા ભક્તિભાવથી જોશભેર લાગણીઓ સાથ જે વિચાર આપણે કરીશું તેનાથી એક ઘણોજ મજબુત વિચાર–આકાર ઉભો થઇ આપણાં વહાલાંને તે આકાર એક રાહબર મદદગાર તરીકે થઇ પડશે, અને તેથી ભલી તથા સાંત ધ્વની-ઓથી તેની આસપાસ ગોયા એક જાતની ખુશાલી પંથરાશે, કે જેથી કરી આપણું વહાલું બેહદ ખુશી થવા ઉપરાંત મીનોઇ દુનિયાંમાંથી વલતો આશીશનો પ્રવાહ આપણી ભણી મોકલશે, કે જેની અણુદીઠ અસર આપણા મન ઉપર થઇ આપણાં વહાંલાને ખોહવાથી જે દુખ ઉત્પન્ન થયું છે તેની અસરને તોડી નાખશે, આપણામાં શાંતી તથા ધીરજ આવતી જશે અને આપણે જાણે આપણા વહાલાંને ખોયું નથી પણ તે હાંજ આપણી આગલ હોય, તેમ આપણનેગી સુખ તથા શાંતી મલતી જશે. એ પ્રમાણે વલતી અણુદીઠ મદદ આપણને પણ મલતી જશે. તેટલા માટે આપણ જીવતાંઓની ફરજ છે કે આપણાં વહાલાં ગુજર પામેલાંઓને એ પ્રમાણે યાદ કરી તેઓને આપણાથી બને તેટલી મદદ પુગાડી આપણી તેઓ તરફની એક ફરજ અદા કરવાની કીમતી તક હાથ ધરવી. એથી આપણા વહાલાંઓને તેમજ આપણને બંનેને ફાયદો થાય છે અને મોતનો કારી જખમ સેહેજમાં રૂજાય છે.

૬. અગર જો આપણે ખરેખર આપણાં વાહાલાંઓને આ દુનિયાં-ના ખેંચાણથી વેગલાં રાખવા માંગતા હોઇએ તથા તેઓનું ભાન બેહેસ્તના

ઉંચા તબક્કા ભણી જઈ તેનું ઉત્તમ સુખ ચાખે એવી ખાહેશ રાખતાં હોઇયે—અને ખરેખર તો તેમજ થવું જોઇયે—તો માહેતમ તથા જારી કરવાને બદલે, ખુશ સ્વભાવથી આપણી દુવા તેમની તરફ મોકલવી. તેઓની નુઇયતે આપણે જે ખોરાક અર્પણ કરીયે છીયે તે હમેશાં ઘણો સાદો, સ્વચ્છ તથા સુતરો હોવો જોઇયે, અને તે મધે બને તેમ મલીન માંસ તથા દારૂ વગેરે દરૂજી શક્તિઓને ખેંચનારી અપવિત્ર ચીજો મુકવી નહીં જોઇયે.

૭. આપણાં વહાલાં ગુજરનારનુ કોઇ નજદીકનું ખેશી યા ફરજંદ આફતમાં યા મુશીબતમાં આવી ગયું હોય તથા, લાચારી યા મુફલેસીમાં ગીરફતાર થયું હોય, તો આપણી હંમેશની ફરજ મુજબ, તેમજ આપણા વહાલાં ગુજરનારની ખુસ્નુદીને માટે, આપણાથી બને તેટલી ઘટતી મદદ કરવા કદી પણ પછાત રહેવું નહીં. પણ દીલોજાનીથી એ મુશકેલી ટાલવા માટે, બને તો ઘણો નહીં તો થોડો પણ જાતી-ભોગ આપી તેની મુશકેલી ટાલવાની પવિત્ર ફરજ જરૂર બજાવવી જોઇયે, એના બદલામાં જે ભલી દુવાઓ તથા આશીશોના વલતા પ્રવાહો તે લાચાર તરફથી મલશે, તેનાથી ઉપજતો આનંદ ખરેજ ઉત્તમ સુખ આપ્યા વીના રહેશે નહીં. તેટલા માટે આ પ્રમાણેની મુશકેલીની હાલત જે ઘણાં કુટુંબોમાં મરણથી આવી પડે છે તેનું નીવારણ કરવા તે કુટુંબના દરેક શક્તિવાળા ભાઇબંધોએ પોતાની પવિત્ર ફરજ અદા કરવા સેહેજ પણ ઢીલ કરવી નહી જોઇયે, પણ તેને બને તેમ જલદીથી અમલમાં મેલી સઘલે સુખ તથા શાંતી પાંથરવી જોઇએ. તેમ કરતાં તે પોતાના પવિત્ર ધર્મમાં કહેલાં ઉત્તમમાં ઉત્તમ શીક્ષણ **ઉસ્તા અહ્માઇ અહ્માઇ ઉશ્તા કહ્માઇ ચીદ,** યાને સુખ તેને જેનાથી સુખ કોઇનેબી, એ પ્રમાણે ચાલેલો કહેવાશે—અને ત્યારેજ તેને ખરૂં સુખ પ્રાપ્ત થશે તથા ખરો આનંદ ચાખવાને નસીબવંત થશે.

આ પ્રમાણેની થોડીક અદના સુચનાઓ દરેક વાંચનાર માટે અહીં રજુ કરી જે ખાસ નેમ ધારી છે તે એજ કે મોત વિષે થોડું ઘણુંબી ખરૂં જ્ઞાન આપણા ભાઇબંધોમાં ફેલાય કે જેથી કરી ઘણીક ગેરસમજુતીઓ દુર થઇ ખરે માર્ગે ચાલવાને દરેકને બની આવે, તથા તેની આફત તથા મુશકેલીમાં આ અદના લખાણથી કાંઇક ધીરજ તથા શાંતી મલે.

ન્યાગાનો તરફની ફરજ.

માનવિની અનેક ફરજોમાં, પોતાના ન્યાગાનો તરફની ફરજ અગતનો ભાગ રોકે છે. હરએક માણસ એક તરફથી પોતાના વડવાઓ તથા બીજી

તરફથી પોતાની ઔલાદ સાથે જોડાયલા છે. પોતાની આગલ જનારા ન્યાગાનો તથા પોતાની પાછળ આવનારી ઔલાદ વચ્ચેની જગ્યા તે રોકે છે. અને તેણે સમજવું જોઇએ કે પાયરી દર પાયરી ઉતરી આવતી ઔલાદની સાંકળમાં તે પોતે એક કડી છે. અને તેની ફરજ છે કે પોતાના ન્યાગાનો તરફથી જે જે તેને મળ્યું છે, તેનું કરજ પોતાની ઔલાદ તરફ અદા કરવું. દરેક શખ્સના ન્યાગાનો ગોયા હુકમ કરી ગયા છે કે હમો તરફથી તને જેઓ મળ્યું હોય તે હમારી વતી તારી ઔલાદને આપી, હમારી તરફનું તારૂં કરજ ભરપાઇ કરી આપજે. કોઇ પણ શખ્સ ત્યારે જો પોતાના ન્યાગાનો તરફનું કરજ અદા કરવાની પોતાની ફરજ બજાવવી હોય તો તેઓ તરફથી તેને શું શું મળે છે તે ઉપર તેને નજર ફેંકવી જોઇએ. માનવિને પોતાનું શરીર તેના ન્યાગાનો તરફથી મળ્યું છે કે જેવોએ તેને જન્મ આપ્યો છે. અને એ કરજ અદા કરવા તેણે પોતાની પછી આવનારા જીવોને વાસો કરવા સારૂં શરીર પુરૂં પાડી આપવું જોઇએ.

આ પ્રમાણે જોતાં લગનના પવિત્ર ગાંઠમાં જોડાવાની તથા કુટુંબની વૃદ્ધિ કરવાની માનવિની એક ખાસ ફરજ થઇ પડે છે. આપણા માબાપોએ તથા બીજા વડવાઓએ આપણુને ઉછેરવા તથા કેળવવા તન મન અને ધનનો ભોગ આપ્યો હતો. અને તે ફરજ અદા કરવા સારૂં આપણે આપણા બચ્ચાંઓને ઉછેરવા તથા કેળવવાને મહેનત તથા ખરચ કરી આપણી ફરજ બજાવવી જોઇએ. ખાસ કરી જેઓ પવિત્રાઇ ભરી જીંદગી ગુજારતા હોય તેવોને સજાવાર છે કે લગ્નના પવિત્ર ગાંઠથી જોડાઇ નવા આવતા સારા જીવોને લાયક શરીરો પુરાં પાડવાનું સાંધણુ થઇ પડવું. અહીં પરણવાનો બુલંદ ભેદ આપણી આગલ જાહેર થાય છે. અને પારસી કોમે જો પોતાના બાપદાદાઓ તરફની ફરજ પાલવી હોય તો તેવોએ હાલમાં જે કુંવારાપણું વધી ગયું છે તે દૂર કરવુ ઘટારત છે. અને પરણવાનો જે ડર લાગે છે તે ડરને પેદા કરનારા મોજીલા ખોટા ખરચોથી દૂર રહેવું કે જેથી પરણેલી જીંદગી ભારી થઇ પડે નહી. માટે જેમ બને તેમ સાદી, સુતરી, કરકસર ભરી જીંદગી ગુજારવી કે જેથી પરણેલી જીંદગીનો બોજો કમી થાય અને તે આવકારદાયક થઇ પડી પહેડી દર પહેડી જન્મ લેતા જીવોને અટકાવ નહી થતાં ચાલુ હારમાળા કાયમ રહે.

બીજી એક મોટી ભેટ જે આપણુને આપણા ન્યાગાનો તરફથી મળી છે તે વિદ્યાની ઉમદા ભેટ છે. આપણી આગળ જે પહેડીઓ થઇ ગઇ છે, તેવોએ બહુક વરસ સુધી અવલોકન કરી, અભ્યાસ કરી, મનન કરી

અનેક જાતની અથાગ મહેનતો કરી સૃષ્ટીના કાયદાઓ વિષે જે જ્ઞાન સંપાદન કર્યું હતું, તે અમુલ વારસો હાલે આપણુને મુફ્ત મળ્યો છે. અને એ સંબંધમાં આપણી દરેક જનની ફરજ છે કે એ અમુલ્ય વારસાનો ઘટતો ઉપ્યોગ કરવો. આપણે આ મુફ્ત મળેલી વિદ્યાનો અભ્યાસ કરવો જોઇએ એટલુંજ નહી, પણ મહેનત કરી તે વિદ્યાને ફેલાવવી જોઇએ અને બની શકે તો તે વિદ્યામાં આપણે પોતાનો અદના હીસ્સો આપવાની તજવીજ કરવી જોઇએ, કે જેથી આપણી પછી આવનારી ઓલાદ સારૂં આપણુને મળેલા વિદ્યારૂપી વારસામાં કાંઇક વધારો કરી આપીયે.

વિદ્યા અભ્યાસ તથા શોધ આપણા ન્યાગાનો તરફની ફરજોમાંની એક અતિ અગતની ફરજ છે. કાંરણ કે વિદ્યા તથા જ્ઞાનની ઉપર માણસના સ્વાનની વૃદ્ધિ તથા સુખનો મોટો આધાર રહેલો છે. આપણા ન્યાગાનોના સદગુણો તેઓએ કરેલાં ઉત્તમ કાર્યો વિગેરેની યાદ આપણુને તેવા સદગુણો સંપાદન કરવા તથા તેવાંજ કાર્યો કરવાને ઉત્તમ દાખલો પુરો પાડી ઉલટ આપે છે. અને તેથી તેમની યાદ સાથ તેમના ઉંચ પ્રકારના સદગુણો તથા તેઓએ કરેલાં નેક કામોનું સ્મર્ણ કરવાની આપણી ફરજ છે.

ન્યાગાનો તરફની ફરજો બરાબર બજાવવાથી તથા તે અંતઃકરણથી પાળવાનો પ્રયત્ન કરવાથી આ રીતે જોતાં દરેક માનવિને અનેક પ્રકારના ફાયદાઓ થયા વિના રહેશે નહી.

જેઓ પોતાની ફરજ બજાવે છે તેવી ફરજોમાં રોકાયલા રહી નિયમીત જીંદગી ભોગવી શકે છે. આળસાઇ આવે ત્યારે 'મારી ફરજ છે' એમ ખ્યાલ લાવી તેને દૂર કરી દરેક નબલાઇઓને તેવો જીતી શકે છે. આવી રીતે આખી જીંદગીમાં જે માણસ ફરજનોજ હેતુ ધ્યાનમાં રાખી તે મુજબ ચાલે છે, તેને માટે જ્યારે હંમેશગીના મિનારા ઉપર આ ફાની જીહાંનમાંથી કુચ કરી જવાના સમયનો ઘંટ વાગશે ત્યારે અશો જરથોસ્તના માયાલુ હાથો મોતને પેલે કિનારે આવકાર દેવાને તૈયાર રહેશે કે, બેટા તું આવ-તારૂં કાર્ય ખલાસ થયું છે-તે તારી ફરજ બજાવી છે-તારી આસાયશ ભોગવ !

ગુજર પામેલાંઓ માટે ક્રિયાઓ.

મજદીઅશનાન જરથોશ્તી ગુજર પામે ત્યારથી તે તેને એક વર્ષ પુરૂં થાય અને તે પછી તેની પછવાડે શી શી ક્રિયા કરવી અથવા કરાવવી તે વિશે થોડોક ખુલાશો.

સાચા એતેકાદના જરથોસ્તીઓએ જાણવું જે આપણી પેહલવીમાં લખાએલી શદદર કેતાબના ૫૨ માં બાબમાં, અને કામદીન શાપુર તથા કાંમાવોરાની રેવાએતમાં તથા વંદીદાદની ૮.) મી પરગરદની સરેહમાં લખ્યું છે કે હરએક છોકરૂં એક દીવસથી તે સાત વરસની વએ સુધીનું ગુજરે તે બચ્ચાંની નેયતે ત્રીજે દહાડે સરોશની ૧) ઇજશને કરવાને ફરમાવેલું છે. અને તે સાથે ત્રણ દહાડા એવેશરૂથ્રેમ ગેહમાં સરોશના આફ્રીનગાંન "ઇથ્આવન્નો ફ્યેએદેહ" ના કરદા સાથનું કરાવવું અને ત્રીજી રાતના ઉશેહન ગેહમાં ચાર બાજ—તે મધે એક રશન–આસ્તાદની, બીજી મીનો રામની, ત્રીજી સરોશની અને ચોથી અરદાફ્રવશની ધરાવવી અને ચોથી અરદાફ્રવશની બાજ સાથે બની આવે એટલું વસ્ત્ર અથવા શીઆવનાં કપડાં ઇજાવે. એટલી ઉમ્મરના બચ્ચાંનું એ શીવાય, ચહારૂંમ દશમું–માશીસો તથા વરસી કરવાનુ કોઇપણ કેટાબોમાં લખેલું નથી. દીન આઇનની કેટાબોમાં બચ્ચાંના ગુજરવાની ક્રિયાના બાબમાં ઉપર લખ્યા પ્રમાણેજ લખાણો મલે છે.

ગુજરનારનાં ખેશીઓએ તાકીદ રાખવી કે એક માણસ ગુજરે કે તેજ વખતે તેની નેયતે સરોશ યજદની ખશનુમનથી ઇજશને કરાવવી અને દરૂન ઇજાવવા. અગરજો ઇજશને કરવાનો વખત નહી મલે તો તે વખતથી દરેક ગેહમાં સરોશ ઇજદની ખશનુમનથી દરૂન ઇજાવવા કારણકે તે ગુજરનારનું રવાન ત્રણ દહાડા સુધી "સરોષ" યજદની પનાહમાં આ દુન્યામાં તેની પોતાની ચાલુ જગ્યામાં રહે છે અને તેની સંભાળ સરોષ યજદ કરે છે. આજ કારણથી મરનારની ત્રણ દીવસની ઘણીખરી ક્રિયાઓમાં સરોષ યજદની ખશનુંમનથી ચાલુ કરવામાં આવે છે, અને તેથીજ "સરોષ" યજદને મુખ્ય કરી આરાધવાનું ફરમાન છે.

શાપુર ભરૂચી તથા કામદીન શાપુરની વીગેરે રેવાયતોમાં જે માણસ આઠ વરસની ઉમરનું થાઇને ગુજરે અથવા જે માણસ ૧૪) વરસને ૩.) મહીનાનો થઇને ગુજરે તેને પેહલે દહાડેથી તે વરશલગીની ક્રિયાઓ એક સરખી કરવાને ફરમાવેલું છે. પણ જે મરદ ૧૪) વરસ ૩ મહીનાનો

થઇને ગુજરે તેનું 'પાળક' બેટો કરી આપવાની તાકીદ છે અને પેલા આઠથી તે ૧૪) વરસ સુધીનાં મરદને પાળક કરી આપવાની જરૂર નથી તેની ક્રિયાઓ મોટાં માણસોની મુવાફેકજ કરવાને ફરમાવેલું છે, જે વિષે નીચે મુજબનું લખાણ મલે છે.

મરનારને પેહલે દહાડે તે મરનારની નેયતે સરોશ યજદની ખશનુંમનથી ઇજસ્ને વંદીદાદ કરાવવો અને ઉપર કહ્યું તેમ સરોશના દરૂન ઇજાવવા અને રાતના એવેશરૂથ્રેમ ગેહમાં તેની લાશની જગો આગલ સરોશનું આફ્રીગાન "ઇયોવનનો કઇયદહે" ના કરદા સાથનું કરાવવું અને પોતાની શક્તિ પ્રમાણે મોબેદોને બોલાવીને અનજુમન મેલવીને એટલે ઓછામાં ઓછા ત્રણ મોબેદોને બોલાવી મરનારની નેયતે પાંચે ગેહે બંદગી કરાવવી, એટલે હાવન ગેહમાં સરોશ બાજ, હાવનગેહ, ખોરશેદ મેહરની નીઆએશ અને પતેત પઢાવવી, તથા મરનારના ખેશાઓએ પણ તેજ મુજબ ભણવું. એજ પ્રમાણે રપીથવેન તથા ઉજીએરેન ગેહમાં ભણવું તથા ભણાવવું. એવીશરૂથ્રેમ ગેહમાં સરોપ યસ્ત-ગેહ અને પતેત, ઉશેહન ગેહમાં સરોશ બાજ-ઉશેહન ગેહ-પતેત-પઢવી તથા પઢાવવી. એજ પ્રમાણે બીજા તથા ત્રીજા દીવસે સઘળી ક્રિયાઓ વખતે વખત મરનારને નામે કરાવવી. અગર કોઇ રાતની વખતે ગુજરી ગયું હોય તો પણ ઉપર જનાવ્યા મુજબ ત્રન ઇજશને સરોશ ઇજદની ખશનુમન સાથે કરાવવી બાકી સઘળી ક્રિયાઓ ત્રન દહાડા કરાવવી. ત્રીજે દહાડે ઉજીએરેન ગેહમાં ઉઠમણું કરવું, જે વખતે મરનારના ખેશ કુટુંબઓએ અને દોસ્ત આસ્નાવોએ સાથે સામેલ થઇ અનજુમન ભેગી કરી તે મરનારની નેયતે બંદગી કરવી અને જે જગાએ ફુલ, પાણી, અને વસ્ત્ર એટલે સુદરો મેલી "ધુપ નીરંગ"ની ક્રિયા કરાવવી અને સઘળી અંનજુમન એકમત થઇને તે મરનારની નેયતે પતેત કરી ખોદાતાલા આગલ તેનાથી થયલી ભુલોની માફી ચાહવી. પછી તેના ફરજંદ યા કોઇબી અતલગના ખેશાએ જેને ઘટતું હોય તેને તે સખસે અનજુમન-ની હજુરમાં તે મરનારની ક્રિયા કરવાની ઘટતી ફરજ કબુલ કરવી. અને નાણું તથા વસ્ત્ર (ધુપમાં મેલેલો સદરો) બને તો દસ્તુર તથા મોબેદોને તે મરનારની નેયતે તેના પુનને વાસ્તે આશીરવાદ તરીકે આપવું. ફરજંદ નહી હોય તો જેમ ઉપર કહ્યું તેમ જો ઘટતું હોય તો અતલગના ખેશ કુટુંબમાં નહી તો પારકા કુટુંબમાંથી એક પાલક બેટો (જે મરનારની ઉમર કરતાં બનતાં સુધી નાહનોજ હોવો જોઇએ અને એક ધણીએ એકથી વધારે શખસનો પાલક તરીક પણ નહી થવું,) કરી આપવો. અને તે પાલક તેને ઉઠમણાની ક્રિયા વખતેજ અનજુમન હજુર કરી આપવો.

તે મરનારની નૈયતે ત્રીજી રાતના ઉશહેનગેહમાં ૪) બાજ તેમાં ૧) રશનેઆસ્તાદ, ૨) મીનોરામ, ૩) સરોશ, અને ૪) અરદાફ્રવશની ઇજાવવી. તે અરદાફ્રવશના દરૂન સાથે નવાં કપડાં (શીઆવ) સફેદ ઇજાવવાં, અને દરૂન આગળ મેવો, ફૂલ, દુધ, પાણી એવીજ ચીજો ઇજાવવી, અને તે ઇજેલો શીઆવ અશો પરહેજગાર દસ્તુર યા મોબેદને આશોદાદ તરીકે આપવો. બાજ ધરીઆ પછી ચેહારૂમની બામદાદ વખતે હાવનગેહ શરૂ થવા આગમચ અનજુમન મેલવી તે રવાનની નૈયતે અનજુમન મેલવી (ઓછામાં ઓછાં ત્રણ માણસનું અનજુમન ગણાય) તે રવાનની નૈયતે બંદગી તથા પતેત કરવી તથા કરાવવી. પોતાની શક્તિ પ્રમાણે મોબેદો બોલાવી બંદગી અને પતેત કરાવવી અને હાવનગેહની શરૂઆત થતાંજ મરનારની નૈયતે "દહમ ઇજદ" ફરેસ્તાની ક્ષનુમનથી આફ્રીગાન કરાવવું અને આફ્રીનગાનની સઘલી ક્રિયા પુરી થવા પછી ખુરશેદ તથા મેહરની નીઆએશ પઢવી યા પઢાવવી. મોબેદોને પોતાની ગુંજાસ મુજબ આશોદાદ આપવી. ચેહારૂમને દહાડે હાવનગેહમાં તે ગુજરનારની નેયતે "અરદાફ્રવશ"ની ક્ષનુમનથી ઇજસ્ને અને અરદાફ્રવશ અને "સરોષ"ના દરૂન ઇજાવવા અને અરદાફ્રવશ, દહમ અને સરોષનું આફ્રીનગાન કરાવવું અને બને તો ફ્રવશી પઢાવવી. અને ખાણું સુતરૂં પકાવી અરદાફ્રવશનું "સ્તુમ" પઢાવવું અને તે ખાનું લાયક અને પવીત્ર માણસોને અથવા લાચારોને ખવડાવવું કે તે ધરાઇને મરનારને માટે ખોદાતાલા આગલ સારી દુઆ ચાહે. દશમાંને દીવસે ચોથા દીવસની ક્રિયા મુજબેજ શીઆવ સાથે ક્રિયા કરાવવી.

ઉપલીજ રેવાએતમાં ફરમાવ્યા પ્રમાણે ગુજરેલાંના ત્રીશમાં દહાડે—શીરોજાને દહાડે—શીરોજાની ઇજશને અને દરૂન ઇજાવે, પણ આફ્રીનગાન દહમનું શીરોજાની ક્ષનુમન સાથનું કરવા લખે છે. જે મોબેદ શીરોજાની ઇજસ્નેમાં જોતી હોય તે શીરોજાની બાજ ધરે અને જે આતરવખશ હોય તે શરોશની બાજ ધરે જેમાં દરૂન મેવા, દુધ, ઘી, કે ફુલ શીવાય બીજું કાંઇ પણ મુકવું નહીં, પછી માશીસાને દહાડે (મરનારના ગુજરવાના દીવસે બીજે મહીને) અરદાફ્રવશની ઇજશને વગેરે ચોઠા દીવસની માફક શીઆવ સાથે બાજ આફ્રીનગાન સ્તુમ, ફ્રવશી વગેરે કરે અથવા કરાવે. મહીને મહીને જ્યારે રવાનનો દહાડો આવે ત્યારે ઉપર જનાવ્યું તેમ ચોઠા દીવસની માફકજ સર્વે ક્રિયા કરે પણ શીઆવ કરવો દરકાર નથી. બારમો મહીનો તમામ રવાને પેહેલે દહાડે (યાને વરસીને દીવસ)ની આગમચના દીવસે ત્રીશમાં દહાડાની મુવાફેકજ સર્વે ક્રિયા કરાવે, અને તેને બીજે દહાડે (યાને ખરા દહાડાને દીવસે) માશીસાના દીવસની માફક શીઆવ સાથે સર્વે

ક્રિયા કામ કરાવે. તે ઉપરાંત હર મહીનાના જશનોપર બાજ તથા આફ્રીનગાન કરીઆ કરે અને ગહુંબારના દીવસોપર એકાદ દીવસે ગંહબારની વીસપરદ અને બાજ આફ્રીનગાન વગેરે કરાવે. ફરવરદેગાનના દીવસોપર દરૂન, આફ્રીનગાન. ફ્રવશી, અને સ્તુમ (બને તો ઇજશ્ને) વગેરે મરનારની નેયતે કરવું અથવા કરાવવું. એવું જનાવવામાં આવે છે કે "બાજ" ધરનાર મોબેદા બાજ ધરતી વખતે દરૂન, મેવા, ઘી, ફુલ તથા દુધ અને શીવાય જે કાંઇ વધુ હોય તે બાજુએ કાઢીનેજ દરૂન ઇજે છે માટે આપણામાં ત્રીજી રાતની બાજ સાથે તરેહવાર તર તરકારી માછલી, મરઘી, વગેરે કરે છે તથા દશમા કે બીજા દીવસોની અવસરે **મીઠાઇ વગેરે કરે છે તે બીલકુલ નામુનાશીબ છે.** એથી મરનારને કાંઇબી રીતની મદદ અથવા રાહત મલતી નથી પણ એથી ઉલટું મરનારને નામે ખરચના બોજામાં ઉતરવું પડે છે અને મરનાર બદલામ થાય છે. મીઠાઇ મેવા કરી લોકોને ઘેર ઘેર ફેરવવું આવા ગંભીર દીવશને બરતું થતુ નથી. **મીઠાઇ** જે છે તે **ખુશીની ચીજ છે** વાસ્તે **આપણા ઘેરમાં મોત થએલા દીવસપર વેહચવી જોઇતી નથી.**

આગલ ચાલતાં દશતુર બરજોરજીની રેવાએતમાં કહે છે કે દર વરસે તે રવાનનાં ગુજર પામવાના દીવસે બાજ આફ્રગાન ફ્રવશિ અને બને તો યજશ્ને કરવાં તથા કરાવવાં. કામાવોરાની રવાએતમાં કહે છે કે દર વરસે રવાંનની નેયતે ઉપલી ક્રિયા કરવાથી તે રવાનને કવત તથા ઘણું જોર થાય છે. તે રવાંન બીજાં સગાંઓ અને અશોના રવાંનો સાથે આ દુનિયામાં આવવું કરે છે. અને આપણે કીધલી યાદ પોતા સાથે લઇ જઇ આપણુને આશીરવાદ આપે છે.

હવે આ ક્રિયા કરવાંના મુખ્ય હેતુ તપાસીએ તો આપણુને માલમ પડે છે કે પહેલા ત્રણ દીવસ શરોસની ખશનુમનથી તે રવાંનની નેયતે ક્રિયા કરવામાં આવે છે. કારણ શરોસ તે રવાંનનો પાસબાન છે. તે રવાનની તેનો ઇનસાફ થાય સાં સુધી પાસબાની કરે છે. અને દેવ દરૂજના હુમલાથી તે રવાંનને બચાવે છે. તેથી સરોશની આરાધનાથી એ ક્રિયા કરીએ છીએ. પણ ચોથા દીવસ એટલે કે ચારમને દીનથી આ ક્રિયા તે રવાંનના ફ્રોહરની કરવામાં આવે છે. આ ઉપરથી સવાલ ઉતપન્ન થશે કે રવાનને આ ક્રિયા પુગે છે કે નહી? આપણુને કહેવામાં પણ આવ્યું છે કે રવાનને માટે કાંઇ આ ક્રિયા નથી. ફ્રોહરની ક્રિયા માત્ર જીવતાંનેજ ફાયદો કરે છે, પણ ગુજરેલાં રવાંનને ફાયદો કરતી નથી. આ બાબતનો બરાબર વિચાર કરી ખુલાસો કરવામાં આવે તો

આપવાને માનવાને કારણ મલે છે કે ફરોહર જે રવાનના સોબતી, રહબર અને પાસબાન છે, તેને ગુજરેલાંના એશાએ આરાધે તો તે ફરોહર જેમ આરાધનારને તેમજ પોતાના સોબતી રવાંનને પણ આશીરવાદ આપી બાધ આપી આગલ વધારે છે. રવાન તથા ફરોહર વચ્ચેના નિકટ સંબંધ જેઓ સમજતા નથી તેઓ આવા ગુચવાડામાં પડે છે.

રવાંન અને ફરોહર વચ્ચેના સંબંધ.

સાધારણ રીતે એમ કહેવામાં આવે છે કે રવાંન અને ફરોહર જુદાં છે. આપણા ધર્મમાં તેઓ જુદાં છે એમ કહેવામાં આવ્યું નથી. પણ તેઓની યાદ જુદી થઇ છે. જુવો ખોરશેદનીઆએશ (ફ. ૯) હઓમ ઉર્વાનેમ્ યજમઇદે, હવાંમ ફ્રવષીમ યજમઇદે પોતાનાં રવાનને હમો વખાણીએ છિયે. પોતાનાં ફરોહરને હમો વખાણીએ છિયે. આ જુદી યાદને લીધે જેમ કહેવામાં આવે છે તેમ તેઓ કાંઇ જુદાં થતાં નથી પણ તેઓ એકમેક સાથે સંબંધ રાખનાર અને જાણે પોતાના મુલમાં એકજ હોય એમ લાગે છે. જુવો રતુમનો કરદો યસ્ના હા ૨૬ મો (ફ. ૭.)

"ઇધ ઇરિસ્તનાંમ ઉર્વાનો યજમઇદે યાઓ અષઓનાંમ્ ફ્રવષયો."

"ગુજરી ગયલાંઓના 'રવાનો જે અશોના ફરોહરવાળાં (છે તેઓને) આએ ઠેકાણે હમો માન સાથે યાદ કરીયે છીયે." ખોરદેહ અવસ્તા, યસ્ન, હા ૨૬ મો. (ફ. ૭.)

"ખન્ વઇતીશ અષહે વેરેજ્ઞો યજમઇદે-યાહુ ઇરિસ્તનાંમ્ ઉર્વાનો બાયનતે યાઓ અષઓનાંમ્ ફ્રવષયો."

"અશોઇના પ્રકાશીત નૂર અથવા ઝલકાટને અમો આરાધ્યે છીએ કે જેમાં ગુજરેલાંનાં આત્માએ (રવાનો) રહે છે, કે જેઓ અશોનાં ફરોહરો છે." જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળીના રીપોર્ટ, ૧૮૯૦-૯૮, પા. ૨૨૭.

આ ઉપરથી ખુલ્લી રીતે જણાય છે કે રવાન અને ફરોહર કાંઇ એકમેકથી જુદાં નથી. પણ તેઓને એકમેક સાથે સંબંધ છે, જે ખોડ-સનાસીના અભ્યાસથી બરોબર સમજ પડે છે.

રવાંન તે નીચલું ભાન છે જે હુંનું ભાન રાખે છે. જે આ ભાન્ સીઝેમાં લવાઇ પોતાને અનુભવ લે છે અને તે અનુભવ પોતાના ઉંચા ભાન (રવાંન)માં મુકે છે. રવાન તે ફ્રવશિનું એક કણ્ણ (ભાગ) છે. જે

સઘળો અનુભવ મેળવી પોતાના પીતાને આપે છે. એરવદ શેહરયારજી રાહનુમાએ સભાના સાતમા અંકમાં પા. ૧૯ મે કહે છે કે—

"ઇનશાનની અંદર જે હુ, મને, મારૂં, એમ પ્રથમ પુરૂષમાં વિચારે છે, બોલે છે, ચાહે છે, અને કરે છે તે રવાન છે."

"ફરોહર ઇનશાનમાં એક ભલો મીનોઇ ભાગ છે કે જે તેના રવાંનનો સોબતી અને પાસબાન છે અને જેની પ્રેરણા મુજબ કુદરતને કાયદે અને નેક રાહે ચાલવાથી રવાંન "અશો" થઇ શકે છે."

આ ઉપલા ફકરા ઉપરથી આપણે ફરોહરનો ગુણ શુ તે જાણી શકીયે છિયે. તે રવાનનો ચલાવનાર–પાસબાન છે. તે આપણને અંદરખાનેથી દોરતો સારાં કામો કરવાને પ્રેરણા ઉપજાવે છે. તે આપણો સલાહકાર સોબતી છે. એક બાપ દીકરાની બરદાસ્ત રાખે તેમ આ ફરોહર તેનાં પોતાનાજ સોબતી જે રવાંન છે તેની સંભાલ રાખે છે—તેને બોધ આપે છે અને જેમ બને તેમ આગલ વધારે છે.

ત્યારે આપણે જોઇ શકીએ છિયે કે ફરોહરની ક્રિયા ગુજરનારના રવાંનને પણ પુગે છે. જે ફરોહરની ક્રિયા કરીએ તે ફરોહર આપણને આશીરવાદ આપે છે તે શાના પારમાં તેનું કાંઇ કારણ હોવું જોઇએ. તે કારણ આજ કે યાદ કરનાર તે ગુજરનાર રવાનને આગલ ચાલવાના માર્ગો મોકલા કરે છે. અને તે રવાનનું ફરોહર તેમાંથી મીનોઇ માર્ગમાં તેનું એટલે રવાનનું આગલ વધવું કરે છે. મોબેદો આફરંગાન કરે છે ત્યારે દીબાચામાં મંડાન કરતાં ભણે છે કે ફલાના ફલાનાના રવાંનની યાદ હોજો. ત્યાં તો રવાંનને યાદ કરવામાં આવે છે. અને આફ્રંગાન સમાપ્ત કરતી વખતે તે રવાનને ભલા આશીરવાદ આપે છે કે

"આજ રોજે બેહેરાતી રવાનનો રોજ છે. તેથી નામ બનામ અશો ફરોહરોનાં રોઆનને નામે તેઓની . . હુ મીઅજદ કરૂચ (અને દોઆ માગુંચ કે) તે રોઆંનો ધણી બોર્જરગીથી પોહોંચો અને હું હેવી મોરાદ ચાહુચ કે તે રોઆનને વાસ્તે અજ રવેશના તમાંમ રાવબનાં કામ હું કરૂં અને હેવી દોઆ કબુલ થાઓ કે તે રોઆંનને બુલદતર બોર્જરગીની જગોમાં રહેવું થાઓ અને બેહરાતની 'નેક જગોનું પામવું થાઓ અને દેવ દરૂજોનાં હાથથી છુટવું અને ખલાશીનું પામવું થાઓ અને તે રોઆંન હોરમજદ તથા અમેશાસપંદોની મીજદોશ તથા કુનેરી તખતનું નશીબવાંન થાઓ અને અવસ્તા-નો અવાજ દીધા પરમાણે અશોનું રવાંન ગુરથમાંન બેહશત જે હોરમજદ તથા અમશાસપંદોનું અને બીજા અશોના રોઆંનોનું મકાન છે તેહમેં પોહોંચો."

"હું હેવુ ચાહુય કે આએ દુનીઆમાં તે અશો રેઆંન કીધેલાં શવાબનાં એક કામનો અને તેહેના ગુજરવા પછી તેજ રવેશના તેહેની નઇઅ તે હું તે શવાબના કાંમ કરૂ તે તમાંમ કામોનો બદલો તે અશો રૂઆંનને પોહોંચો"
(આફ્રીન અરદા ફ્રૂઅશની, ૧૧, ૧૨, ૧૩, ૧૭ મા ફકરાઓ.)

આ ઉપલી દુવાપરથી ખુલ્લું જણાશે કે રવાન આગલ વધતી માનોઇ શકતી છે. અને તેને આગળ વધારવા સારૂ આ ક્રિયાઓ કરવામાં આવે છે. ફેરોહર રવાનના ગુજર પામવા પછી એકદમ રવાન સાથેનો સંબંધ છોડી દેતું એમ માની શકાતું નથી. વાસ્તે એવાં અનુમાનપર આવવાને કારણ મલે છે કે આપણી ક્રિયા રવાંનને પણ પુગે છે. ત્યારે દરેક જરતોસ્તીઓની ફરજ છે કે ગુજરેલાં આપણા વહાલાંઓની યાદ દીલમાં ધરી તેઓના ગુજર પામવાના રોજે આફ્રેગાન બાજ (શીઆવ અને યજશની બને તો) અને ફ્રવશી કરી ભણાવવી. અને ભણતી વખતે આપણા વિચારો શાંત રાખી ગુજરનાર આપણા વહાલાંઓ તરફ ભલી લાગણીથી તેઓ તરફ ઉપલા દુવાના સબુનો અંતઃકરણથી યાદ કરવા.

ગુજરેલાં આપણાં નીઆગાનો—આપણા માત પીતા—આપણા કુટુંબ અને ખેશીઓ—આપણા દોસ્ત આસનાઓ—અને હમા છેવાનુ આગલ અને આગલ વધવું હોજો. તેઓ અશોઇમાં આગલ વધજો તેઓ—ખોદાઇ જ્ઞાનમાં આગલ વધજો, તેઓ અહુરમજદનો ગરોથમાંન બેહેશતમાં તે મોહાન પીતાના ચરણ આગળ જઇ પોતાનાં અશોઇના કામો—અશોઇની હાળમાં ધરી તે મોહાન પીતા—અહુરમજદને **અર્પન કરજો.**

સૅરાગ પ્રીન્ટીંગ પ્રેસ,

૯૫-૯૭, ફ્રીયર રોડ, કોટ,

મુંબઇ.